
April 2024

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Shree Patan Jain Mandal
સેવા * સહકાર * સંગઠન
Year 19 • Issue 7 / 218
• Mumbai • Page 28 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન: 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

**વ્હાલા મિત્રો** — **દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)**

જય જિનેન્દ્ર !

શાલિવાહન શક પ્રમાણે ચૈત્ર મહિનાના ત્રણ મહત્વના પર્વો અને શુભ દિવસે જે **ચૈત્ર સુદ એકમ ગુડી પડવો, હિંદુ નવું વર્ષ, ચૈત્ર સુદ નોમ-રામનવમી, ચૈત્ર સુદ તેરસ જૈન શાસનના ૨૪માં તીર્થંકર વિશ્વવત્સલ પ્રભુ મહાવીર સ્વામીનું જન્મકલ્યાણક અને ચૈત્ર માસમાં જ આવતી જૈન ધર્મની શાશ્વતી આયંબિલની ઓળી જેમાં શ્રીપાલરાજા અને મયણાસુંદરીનો રાસનું શ્રવણ ગુરુભગવંતો કરાવે છે** તો હિંદુ ધર્મમાં આ દિવસોને નવરાત્રી તરીકે માનવામાં આવે છે.

મિત્રો ! આવા પાવનકારી, કલ્યાણકારી પર્વોની શુભકામના પાઠવતા, મારી લાગણીઓ, અરમાનો અને ભાવોલ્લાસના અક્ષતો વડે આપ સર્વેનું સ્વાગત કરું છું. આનંદોલ્લાસથી મારી કલમ દ્વારા વર્ષ ૨૦૨૪નો **પ્રથમ પ્રમુખ પત્ર** આપ સહુના કરકમળમાં મુકતા મારી અને તમારી વચ્ચે પ્રેમનો, મૈત્રીનો અને સ્નેહનો સેતુ બાંધી રાખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

શિખરજી યાત્રા પ્રવાસ શાનદાર રીતે સંપન્ન થયો અને સદા સ્મરણિય બની રહ્યો. **''કોઈપણ વ્યક્તિ હોય કે સમાજના પરિવારનો હોય, વાતાવરણ હોય કે પ્રસંગો, પ્રવાસ હોય તે સ્મૃતિમાં અંકિત ક્યારે થાય ? સંભારણા ક્યારે બને ?''**

**જ્યારે તે હૃદયને સ્પર્શે અને અંતરથી અનુભવાય, જ્યારે તે આત્મિયતાનો અહેસાસ થાય અને પરિવાર પ્રસન્નતાના પુષ્પોથી રાજી થાય. આ શક્ય ત્યારેજ બન્યું, જ્યારે આપણા સહુના ઉપર દેવ-ગુરુ-ધર્મના આશીર્વાદ** પ્રાપ્ત થયા હતા. **'પ્રતિબિંબ', વોટ્સએપ અને ફોન** દ્વારા સતત ને સતત યાત્રિકોએ જે રીતે પોતાનો સ્વાનુભાવ પ્રગટ કર્યો છે તે બદલ આપ સર્વેનો શ્રી પાટણ જૈન મંડળની કમિટિના સભ્યો આભાર માને છે ધન્યવાદ...

**નવા વર્ષ ૨૦૨૪ થી ૨૦૨૭** સુધીના ત્રણ વર્ષ માટે ફરીથી મારી અને મારી ટીમની એક નવી યાત્રાનો પ્રારંભ થઈ રહ્યો છે. અમે બધા સાથે મળીને જરૂરથી એક પછી એક ક્રમવાર નવા આયોજનોને સફળતાપૂર્વક સંપન્ન કરવા કટિબદ્ધ છીએ પણ સમગ્ર પાટણ જૈન સમાજના દરેકે દરેક પરિવારોનો સાથ સહકાર તો જોઈએ જ. ચાહે તે મુંબઈ હોય કે ગુજરાતમાં હોય કે દેશ-વિદેશમાં હોય જ્યાં જ્યાં આપણાં પાટણવાસી ભાઈબંધુઓ છે તે દરેકને અમે આવકારીએ છીએ આવો ! અમારી સાથે તન-મન-ધનથી જોડાઈ જાઓ.

સહુ પ્રથમ **તા. ૯ જુન ૨૦૨૪ રવિવારના** રોજ 'મા સરસ્વતીના' આશીર્વાદથી પાટણ ખાતે આપણા સહુની જાણીતી **ટી.ડી.એસ.વી. સ્કુલનું ઉદ્ઘાટન** કરી રહ્યા છીએ. અનુકૂળતા મુજબ આ પ્રસંગે ત્યાં ઉપસ્થિત રહેવા માટે અમારું ભાવભર્યું આમંત્રણ છે.

**સૌરભ મેડિકલ હેલ્થ કેર પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૫** સુધીમાં પૂર્ણ થઈ જશે તેવી આશા છે. ફુલ સ્વીંગમાં કામ સ્ટાર્ટ થઈ જશે. જે નવી જગ્યા છે તેમાં હજુ વધારે નવા ડિપાર્ટમેન્ટ પણ વધારવામાં આવશે અને અત્યંત આધુનિક બનાવશું.

વર્ષ **૨૦૨૪ સપ્ટેમ્બર મહિનામાં 'ટ્રેડ ફેર' નું** આયોજન કરવાની ઈચ્છા છે જેની સૂંપર્ણ વિગત 'મે' મહિનાના પ્રતિબિંબમાં આપસૌને જાણવા મળશે.

Cont. page 2

**વુમન એમ્પાવરમેન્ટ - યુથ એમ્પાવરમેન્ટ** તેમના આગામી કાર્યક્રમોની માહિતી આવતા પ્રતિબિંબ દ્વારા જણાવવામાં આવશે.

**'ઈન્ડોર ગેમ્સ', 'બોક્ષ ક્રિકેટ' અને 'પીપીએલ'** નું આયોજન તૈયાર કરીને આપ સર્વેને આગામી અંક દ્વારા જાણકારી મળશે.

મિત્રો ! મારે આપ સહુને આનંદના સમાચાર આપવા છે જે **લોનાવલા** ખાતે આપણે એક **''હોલી ડે હોમ પ્રોજેક્ટ''** કરવો છે તે માટે ત્યાં સારી જગ્યા અને સારું બેસ્ટ લોકેશન જોવાનું કાર્ય શરૂ થઈ ગયું છે જે આપ સહુના સાથ-સહકારથી વર્ષ **૨૦૨૬** સુધીમાં પૂર્ણ થઈ જાય તેવી અમારી નેમ છે અને આશા છે એક વિશ્વાસ છે કે, **'હમ હોંગે કામિયાબ'....**

બીજા સમાચાર જણાવતા અત્યંત હર્ષની લાગણી અનુભવાય છે જે જાણીને આપ સહુને પણ આનંદ થશે. Next Trip **અયોધ્યા - વારાણસી આસપાસ આપણા તીર્થંકરોની ૪૧ કલ્યાણકભૂમિ છે** ત્યાં યાત્રા પ્રવાસનું આયોજન કરવાનો વિચાર છે. યોગ્ય સમયે આપ સહુને વિગતો મોકલવામાં આવશે.

**સિનિયર સિટીઝનો તૈયાર થઈ જાઓ તા. ૨ જુન ૨૦૨૪ રવિવારના** રોજ ૬૦ વર્ષથી ઉપરના સભ્યો માટે વન-ડે ટ્રીપ **'લોઢા ધામ-જીવદયા ધામ'** જવાનું છે 'વહેલો તે પહેલો' ના ધોરણે કુલ **૩૦૦ સભ્યોને** લઈ જવાના છીએ. આ માટેની સંપૂર્ણ વિગત આ જ અંકમાં (પ્રતિબિંબ - એપ્રિલ પાના નં. ૧૧)માં આપવામાં આવી છે જરૂર ધ્યાનથી વાંચી લેશો.

**તા. ૬ એપ્રિલ ૨૦૨૪ શનિવારના** રોજ સાંજે ગરવારે ક્લબ ખાતે કાર્યકર્તાઓ તથા દાતા પરિવારોનું સ્નેહ સંમેલન **''ગેટ-ટુ-ગેધર''** રાખવામાં આવ્યું હતું. જેમાં **૧૭૫** થી વધારે આમંત્રિત સ્વજનો પધાર્યા હતા. **શ્રી રોહિતભાઈ એમ. શાહ, શ્રી અમીતભાઈ એસ. શાહ, શ્રી દિનેશભાઈ શાહના** સહકારથી **ગરવારે ક્લબના નવા પ્રમુખ અને તેમની ટીમ** પણ આપણા આમંત્રણને માન આપી પધાર્યા હતા. અને તેઓએ પણ તેમની શુભેચ્છા આપતાં **શ્રી પાટણ જૈન મંડળની** પ્રસંશા કરીને ગૌરવ વધાર્યું હતું.

આ અવસરે **વર્ષ ૨૦૨૪થી વર્ષ ૨૦૨૭** સુધીના પ્રોજેક્ટોની રૂપરેખા આપવામાં આવી હતી તેમજ સૌરભ મેડિકલ હેલ્થકેરની પ્રગતિનો અહેવાલ આપ્યો હતો.

**''સાથી હાથ બઢાના''** સૂત્રને અપનાવીને આપણને સહુને ગર્વની લાગણી અનુભવાય તેમ દાતાશ્રી પરિવારોએ દાનનો પ્રવાહ વહેતો કર્યો. વર્ષ **૨૦૨૪-૨૦૨૫** માટે જે સહકાર પ્રાપ્ત થયો છે તેઓ સર્વેની અનુમોદના કરવા સાથે સિલ્કના દુપટ્ટા પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું.

## દાન આપનાર દાતાશ્રીઓ

### મેડિકલ પ્રોજેક્ટ ભેટ

રૂા. ૫૦ લાખ શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ ખાંડવાલા (યુ.એસ.એ.) (વખતજીની શેરી)
રૂા. ૨૫ લાખ શ્રીમતી કિરણબેન પ્રવિણભાઈ શાહ (યુ.એસ.એ.) (કુંભારીયા પાડો)
રૂા. ૨૫ લાખ શ્રી દીપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)

### રૂા. ૧૧ લાખ વિદ્યાલય અને મેડિકલ પ્રોજેક્ટ ભેટ

શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો) ❋ શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)

### જીવન નિર્વાહ ભેટ

રૂા ૩૧ લાખ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

### રૂા. ૧૧ લાખ જીવન નિર્વાહ ભેટ

શ્રી સંદિપભાઈ કીર્તિલાલ શાહ (કેશુશેઠનો પાડો)
શ્રી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (કનાસાનો પાડો)
શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ (કુંભારીયા પાડો)
શ્રી દિપકભાઈ રેવંતિલાલ શાહ (કનાસાનો પાડો)
શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)
શ્રીમતી કીન્નરીબેન દિપકભાઈ શાહ (ડંકમહેતાનો પાડો)

### રૂા. ૧૧ લાખ સમાજ ઉત્કર્ષ સહાય ભેટ

શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
શ્રી કુસુમબેન રસિકલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (યુ.એસ.એ.)(કુંભારીયા પાડો)



# વિશ્વના દિવ્ય દ્રષ્ટા વર્ધમાન

**તંત્રી સ્થાનેથી...**

**ભારતી બી. શાહ**

***આત્મીય મિત્રો !***

***પ્રણામ***

**ત્રિશલાનંદન જિનેશ્વરા જયકરા ચાહુ સદા સેવના.**
**પામું પંથ પુનિત શ્રી વીર તણો, અમ જીવનની ખેવનાં,**
**ખીલે જીવન વસંત ગુણકલિકા અધ્યાત્મની ભાવના,**
**જગત આધાર પ્રભુજી તુમ ચરણે સેવક સમર્પણા.**

આ ગુંજનથી દિશાઓ ગુંજી ઉઠી ફરી ગુંજનથી પ્રગટ્યો મહાવીરનો નાદ.

''આખર મહાવીર પણ મારા તમારાં જેવા જ પહેલાં ઈન્સાન હતા અને ઈન્સાનના રૂપમાંથી જ તેઓ ભગવાનના રૂપમાં પ્રગટ થયા છે અને જ્યારે તેઓ ભગવાન બની ગયા છે તો તેમને ખબર છે કે ઈન્સાનની આદતો કેવી કેવી હોઈ શકે છે.''

આ શબ્દો અને સંવેદના છે **અરિહંત પ્રિયા સાધ્વીજી ડૉ. દિવ્યપ્રભાશ્રીજીના... ત્રિલોકીનાથ, વિશ્વના દિવ્ય દ્રષ્ટા, અહિંસાના પયંગબર, જગતના સત્યના પંથે ચાલવાનો સંદેશો આપનાર જૈન શાસનપતિ ૨૪માં તીર્થંકર વીતરાગ પરમાત્મા... જેની શીતલ છાયામાં આપણે બેઠા છીએ, જૈન શાસન જયવંતુ વર્તે છે, તેવા ચરમ ઉપકારી ત્રિલોકીવંદય તીર્થંકર પરમાત્મા મહાવીરનું જન્મકલ્યાણક એટલે ચૈત્ર સુદ ૧૩, સર્વત્ર શાનદાર રીતે ચર્તુવિધ સંઘ ઉજવે છે.**

ભગવાન મહાવીરે જ્યારે આ પૃથ્વી પર જન્મ લીધો, ૨૪માં તીર્થંકરપણે અવતાર પામ્યા ત્યારે જગતમાં અંધારુ, ભરત ક્ષેત્રમાં અંધાધુંધી, કાવાદાવા, અનીતિ, ધર્મનાં નામે હિંસા થતી હતી. લોકોનાં દિલમાં અશાંતિની આગ જલતી હતી. તેવાં સમયે આ મહાપુરુષે અવતાર લીધો અને ચારે તરફ સુખ-શાંતિ અને વૃદ્ધિ થવા લાગી. હર્ષ-આનંદ છવાયો તેથી નામ પડ્યું વર્ધમાન.

મહાવીરે માતા બનીને આ સૃષ્ટિને ભરપુર વાત્સલ્ય આપ્યું. સૃષ્ટિમાં એવી કોઈ માતા નથી, જે મહાવીર જેવું વાત્સલ્ય પ્રદાન કરી શકે. તેમણે એવો વાત્સલ્યનો ધોધ વહેવડાવ્યો કે ૨૬૨૧થી વધુ વર્ષો પહેલાનું વાત્સલ્ય આજે પણ સૃષ્ટિના સમગ્ર જીવોને મળતું રહે છે.

એકવાર ગૌતમ સ્વામીએ પ્રભુને કહ્યું હતું કે; ''આપનું વિશિષ્ટ તત્વ એ જ છે કે આપની અનેક શોધોને માનવ હજારો વર્ષ સુધી ભુલી નહીં શકે.'' વર્તમાનની આપણી વિડંબના પણ જુઓ કે જેમનાથી આવી પૂર્ણ શોધો આપણને પ્રાપ્ત થઈ છે તેમનાં અસ્તિત્વને પણ આપણે સમજી શકતા નથી. આપણે તેમના સિદ્ધાંતોને પણ સમજી શક્યા નથી. આપણે માત્ર તેમને કથાઓમાં જ જોઈએ છીએ.

મહાવીરે કહ્યું: ''વત્સ ! સૃષ્ટિમાં પ્રત્યેક જીવોમાં અર્હંત્ય (અરિહંતપણું) પ્રકટ થઈ શકે છે. દરેક જીવ મહાવીર બની શકે છે.

ભગવાન મહાવીર તપથી, જપથી અને સાધનાથી શિખર પુરુષ હતા. તેઓએ પોતે જીવીને એ બતાવ્યું કે સાધકોએ આ પ્રકારે જીવન જીવવું જોઈએ. પ્રભુ મહાવીરનો ધર્મ વૈજ્ઞાનિક ધર્મ છે. મહાવીર વાણી યુગ યુગ સુધી સંદેશો આપનારી છે. મહાવીર દ્રષ્ટા જ નહીં, દિવ્ય દ્રષ્ટા હતા. ત્રિકાલદ્રષ્ટા તો હતા જ સાથે મહાવીરનું દર્શનદાન આપણા સહુનું વરદાન બની ગયું.

એજ મહાવીર ભગવાનના સિદ્ધાંતોને **"MAHAVIR"** શબ્દોથી સમજવાનો પ્રયત્ન કરીએ.

**M=Make Your Heart Merciful =** તમે તમારા હૃદયને દયા અને અનુકંપાથી ભરી દો.

**A=Anger is the Madness of Mind =** ક્રોધ તો માનવના મગજનું પાગલપણું છે ક્રોધ સામે ક્ષમા, પ્રેમ અને વાત્સલ્યપણું અપનાવો.

**H=Humanity is the Root of all Virtus =** માનવતા એ સર્વગુણોની જનેતા છે.

**A=Abandonments should be our Moto=** જીવનનો સિદ્ધાંત ત્યાગ હોવો જોઈએ.

**Virtue makes man great and Happy =** સદ્‌ગુણો માણસને મહાન સુખી બનાવે છે. જીવન ન્યાયસંપન્ન હશે તો મહેકી ઉઠશે.

**I= Idelness is the Roof of all sins =** પ્રમાદ તે પાપનું મૂળ છે, પ્રમાદનો ત્યાગ કરો.

**R= Rightousness must be root of our life =** સચ્ચાઈ તે આપણા જીવનનું મૂળ હોવું જોઈએ.

આ **"MAHAVIR"** શબ્દના સાત અક્ષરમાં પ્રથમ અહિંસા તથા અંતમાં સત્ય છે. વચ્ચે પાંચ સદગુણોની હારમાળા છે. આ માળા જો આપણે સહુ ધારણ કરી લઈએ તો મહાવીરના સાચા સંતાનો બનીશું.

મહાવીરે પોતાના જીવન દરમ્યાન સતત આપ્યાજ કર્યું છે.

**માતા-પિતાને વચનદાન** **દીક્ષા લેતા પહેલા - સંવત્સરદાન.**

**ચંડકૌશિક ને સ્વર્ગદાન** **તેજોલેશ્યા છોડનાર ગોશાલક ને સમકિતનું દાન.**


અભવી સંગમને કાંઈ આપી શકાય તેમ નહોતું તેને પણ અશ્રુદાન આપી પ્રેમ, સ્નેહ, ક્ષમા સમાધિ આપી અને સદગતિ આપી. પરમાત્મા મહાવીરની વાણીને અનુસરીને આપણા સહુનું જીવન જ્ઞાનજ્યોતિમાં ઝળહળી ઉઠે તેવી શુભકામના સાથે...


May the Holy Words Show You,
The Path to Never Ending Happiness,
Sending You Warm Wishes on
This Auspicious Day.
**Happy Mahavir Jayanti!**

*આવો સહુ આવો આ જન્મના વધામણા..*
*આનંદ મંગલ છવાયા... આવો સહુ...*
*મેરુ પર્વત પર લઈ જાય શકેન્દ્ર પ્રભુ વીરને*
*હોશે હોશે ઈન્દ્ર મહારાજા સ્નાન કરાવે વીરને*
*જીવન ધન્ય બની જાય... આવો સહુ...*
*પ્રભુજી ઈન્દ્રની શંકાને અવધિ જ્ઞાનથી જાણે*
*ટચલી આંગળી અડાડીને મેરુપર્વત ડોલાવે*
*મહાવીર નામ દેવાય... આવો સહુ...*
*ત્રિશલા નંદન વીરની, જય બોલો મહાવીરની...*

**અસ્તુ**

## એક સાંજ મૈત્રિની મહેફીલ









# એક સાંજ મૈત્રિની મહેફીલ

વિશ્વંભરની વિશ્વ વાટીકામાં મધમધતા પુષ્પ બનીને મહેકવાની મહેચ્છા માનવ માત્રમાં રહેવી સ્વાભાવિક છે, તેથી જ માણસને એકલા રહેવું ગમતું નથી તેને પોતાની લાગણીઓ, સંવેદનાઓને વાચા આપવા માટે એવા સ્નેહી, સ્વજનોનો સાથ જોઈતો હોય છે જે સાથ-સંગાથ એક આત્મિયજન જેવો ગાઢ, મજબૂત અને ઉચ્ચ સંબંધ બની શકે અને મન પ્રસન્નતાથી ભરપૂર ખીલી ઊઠે.

આવા સંબંધોને વિકસાવી શ્રી પાટણ જૈન મંડળના સ્વજનો, પરિવારોના જીવન પણ મહેંકી ઊઠે તેવા શુભ આશયથી, કુટુંબ ભાવનાથી પ્રેરિત થઈને સમી સાંજના શમિયાણામાં **'ગમતાનો ગુલાલ' કરવા તા. ૬ એપ્રિલ ૨૦૨૪, સાંજના ૬ કલાકે શનિવારના રોજ, ગરવારે ક્લબ ચર્ચગેટ ખાતે પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહ (માટલીવાલા) તરફથી એક ખૂબ જ સુંદર મજાનો કાર્યક્રમ ''મૈત્રીની મહેફીલ''નું આયોજન કર્યું હતું.**

કાર્યક્રમની શરૂઆતમાં **શ્રીમતી ભારતીબેન શાહે** નવકારમંત્રનું પઠન કર્યું હતું ત્યારબાદ આજના કાર્યક્રમની શરૂઆત સેક્રેટરી **શ્રી દેવેશભાઈ શાહે** કરી હતી. તેઓએ સૌને ભાવભર્યો આવકાર આપ્યો હતો.

એડમીન **શ્રી ભાવિકભાઈ શાહે** આજના કાર્યક્રમને **''કલ આજ ઓર કલ''** નામ આપ્યું છે તેની બે વર્ષ પૂર્વેની ભૂમિકાથી શરૂ થયેલ સફર આગામી ત્રણ વર્ષમાં કયા મુકામે, કયા પ્રોજેક્ટો સાથે કામ કરવાની છે તેની **PPT with the Journey** સ્ક્રીન પ્રોજેક્ટ દ્વારા સૌને વિગતવાર માહિતી મળી રહે તે માટે તૈયારી કરી હતી.

ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ શાહે** પાટણ ખાતે **ટી.ડી.એસ.વી. સ્કુલની** માહિતી સ્ક્રીન ઉપર બતાવી વિશેષ જાણકારી આપતા ઉપસ્થિત સૌને **તા. ૯ મી જૂન ૨૦૨૪ના** રોજ સ્કુલના ઉદ્‌ઘાટન પ્રસંગે આવવા માટે આમંત્રણ આપતા કહ્યું હતું કે **પ્રમુખશ્રી દાનેશભાઈ શાહનો સંપૂર્ણ સાથ-સહકાર મળ્યો છે.** દાતા પરિવારજનો તરફથી દિલની દિલાવરીથી જે દાન મળ્યું છે તેના થકીજ આ સ્કુલનો પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે સફળતાને વર્યા છે. આપણે સૌ ગર્વથી કહી શકીએ કે અમે છીએ પાટણ વાસીઓ, **આ સ્કુલના વિદ્યાર્થીઓ જેનું ઋણ ચૂકવવાની આ તક મળી છે.** અત્યંત આધુનિક સ્કુલમાં વિદ્યાર્થિઓને ઉચ્ચ શિક્ષણ મળે અને ભવિષ્યનો એક સારો દાખલો બને તેવી શુભ ભાવનાથી **આન-બાન-શાન સમી ગુજરાતની એક આદર્શ સ્કુલ તૈયાર થઈ છે.** આ માટે સૌનો અમે આભાર માનીએ છીએ. વિદ્યાર્થીઓનું ભવિષ્ય જરૂરથી ઉજવળ બનશે તેની અમને ખાતરી છે. તો આપ સૌ જરૂરથી પધારશો.

સૌરભ મેડિકલ હેલ્થ કેરના **સીઈઓ શ્રી આનંદ આંધેએ** સ્ક્રીન ઉપર હેલ્થકેરનો ગ્રાફ દર્શાવ્યો હતો. દરરોજના પેશન્ટો વધતા જાય છે. ડોક્ટરો નિરંતર સેવા આપે છે. વિવિધ સ્કીમો મુકવામાં આવે છે. બધાજ મશીનો બ્રાન્ડેડ કંપની તથા આધુનિક ટેક્નોલોજીથી સજ્જ છે. જે પેશન્ટો આવે છે તેઓ સંતોષ મેળવીને જાય છે. અમે હજુ વધારે માર્કેટિંગ કરી રહ્યા છીએ. લગભગ **રોજના ૫૦ થી ૬૦ની સંખ્યામાં પેશન્ટો આવે છે.** માત્ર ચાર મહિનામાં જ આ સેન્ટરે સફળતા મેળવી છે. **પ્રમુખશ્રી દાનેશભાઈ** તથા ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ સાલવી** નિયમિત રીતે આ સેન્ટરની મુલાકાત લે છે. **શ્રી અશોકભાઈ દલપતભાઈ શાહ** તથા **શ્રી મિલનભાઈ શાહ** પણ તેમની માનદ સેવાઓ આપે છે.

**પ્રમુખશ્રી દાનેશભાઈએ** પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે; **''શ્રી સમ્મેતશિખરજીની યાત્રા** ખુબજ સફળતા પૂર્વક સંપન્ન થઈ. દરેકે દરેક પ્રવાસીઓ ખુબજ ખુશ છે અને ફરી આવા આયોજનો થાય તેવી ભાવના રાખે છે. જે જે સમાજના પરિવારોએ ઉદારતાથી અને હૃદયના શુદ્ધ ભાવોથી તન-મન-ધનથી સાથ-સહકાર આપ્યો છે તેના કારણેજ આ બધુ શક્ય બન્યું છે. તે માટે હું સૌથી વધારે **મારી સમગ્ર ટીમનો ખુબ ખુબ આભાર માનું છું.** છેલ્લા ત્રણ મહિનાથી રાત-દિવસ જોયા વગર અમારી ટીમે તેમજ ઓફિસના સંપૂર્ણ સ્ટાફે સતત મહેનત કરી છે તેને ક્યારેય ભુલી શકાય તેમ નથી. હવે પછીનો આગામી પ્રોજેક્ટ રજૂ કરતા મને આનંદ થાય છે કે લોનાવલા ખાતે એક સુંદર **મજાનું હોલી-ડે હોમ બનાવવું છે** જે વિરાયતનમાં કૃપાનિધી ફાઈવ્સ્ટાર હોટલ છે તેના જેવુજ સૂચિત **હોલી-ડે હોમ** બનાવવાની તૈયારી છે જેમા દેરાસરનું પણ નિર્માણ કરવામાં આવશે. તેનું વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી. લોનાવલા ખાતે જગ્યા જોવાનું કામ ચાલુ કરી દીધું છે. પ્લાન અને રૂપરેખા તૈયાર કરીને આપ સૌને જણાવશુ. બીજુ આયોજન **વારાણસી, અયોધ્યા પ્રવાસ વર્ષ ૨૦૨૬માં** કરવાની ભાવના છે. **અયોધ્યા અને તેની આજુબાજુના તીર્થોમાં આપણા તીર્થંકરોની ૪૧ કલ્યાણક ભૂમિ છે તો એ પ્રવાસ માટે દાતા ઓ તૈયાર છે** એ ખુબ ગર્વની વાત છે કે દાતાઓએ અમારા ઉપર અતૂટ વિશ્વાસ મુક્યો છે અને સમાજના પરિવારો પ્રત્યે તેમનો અનહદ પ્રેમ છે. **સપ્ટેમ્બર મહિનામાં ટ્રેડફેરનું આયોજન** કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તો સમાજના દરેક પરિવારોએ એમા જોડાવા વિનંતી છે. પ્રતિબિંબના માધ્યમ દ્વારા વધુ વિગતો જણાવવામાં આવશે. **આ સાથે શ્રી દાનેશભાઈએ ઉપપ્રમુખ શ્રી રોહિતભાઈ શાહ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા એજ્યુકેશન સેક્રેટરી શ્રી અમીતભાઈ શાહનો આભાર માન્યો હતો.** ગરવારે ક્લબમાં આ પ્રોગ્રામનું આયોજન કરવા આ ત્રણે જણાએ સારો ભાગ લીધો હતોઅને ગરવારે ક્લબના પ્રમુખ તથા એમની ટીમ ઉપસ્થિત રહી હતી. પુષ્પગુચ્છ આપીને **શ્રી દાનેશભાઈ શાહે** તેઓનું બહુમાન કર્યું હતું.

વધુમાં **શ્રી દાનેશભાઈએ** ઉપસ્થિત રહેલ સૌને જણાવ્યું હતું કે; **''દરેકે પોતાની એકલાની પ્રગતિ ન સાધતા સહુની ઉન્નતિની વાતો વિચારવી જોઈએ એમાજ સમાજની પ્રગતિ રહેલી છે.''**

**પ્રથમ ઉપપ્રમુખ શ્રી હેમંતભાઈ શાહે** સૌરભ મેડિકલ હેલ્થકેરની સંપૂર્ણ વિગતવાર માહિતી આપી હતી. સ્ક્રીન ઉપર દરેક ડિપાર્ટમેન્ટના કેટલા પેશન્ટોએ લાભ લીધો છે તેની જાણકારી આપી હતી. આર્થિક રીતે હેલ્થકેર સેન્ટર સફળતા મેળવી રહ્યું છે તે ખુબ આનંદની વાત છે. ટૂંક સમયમાં નવી લીધેલી જગ્યામાં કામકાજ ચાલુ થઈ જશે અને **૨૦૨૫ના અંતમાં નવી જગ્યામાં સેન્ટરનું ઉદ્‌ઘાટન કરીએ તેવી ભાવના છે.** આ સેન્ટરમાં એક નાનકડી અદ્યતન સુવિધાયુક્ત વિવિધ ડિપાર્ટમેન્ટવાળી હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે તેની વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી. પ્રમુખ **શ્રી દાનેશભાઈ** સતતને સતત મારી સાથે રૂબરૂમાં ત્યાં આવીને માર્ગદર્શન આપે છે અને જરૂરી એવા સૂચનોની આપલે કરીએ છીએ. **હજુ વધારે ડોનરો આગળ આવે તેવી આશા છે.** પાટણ જૈન સમાજ માટે આ પ્રોજેક્ટ એક અમૂલ્ય બન્યો છે, **''ન ભૂતો ન ભવિષ્યતી''ની** જેમ સૌરભ મેડિકલ હેલ્થ કેર દ્વારા પાટણ સમાજનું નામ સર્વત્ર ફેલાઈ ગયું છે. તેઓએ બધા જ દાતાઓનો આભાર માન્યો હતો.

સેક્રેટરી **શ્રી દેવેશભાઈએ** સૌને જણાવ્યું હતું કે, આપણે એક **પટણી બિઝનેસ ગ્રુપ** ચાલુ કરવાની ખુબજ ભાવના છે. અમને આશા છે કે આ બિઝનેસ ગ્રુપમાં આપણા સમાજનાં બધા લોકો સાથે જોડાય, એકબીજાને સહાયરૂપ બને જેથી સમાજ આર્થિક રીતે સંમૃદ્ધ થાય. જે રીતે ટીવી પર બિઝનેસ માટેનો **શાર્કટેન્ક શો** આવે છે તેવી જ રીતે આપણે આપણા પાટણના ચતુર અને દક્ષ પરિવારો પોતાનો બિઝનેસ વધારવા માટે આવા **પટણી ટેન્ક શોનું** આયોજન કરી તેમાં ભાગ લે તો સમાજનો વિકાસ સારી રીતે અને ઝડપથી થઈ શકે, જે આજના સમયમાં અનિવાર્ય છે.

આ સાથે દેવેશભાઈએ આપણા સમાજની બીજી અનેક પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

**શ્રીમતી ભારતીબેન શાહે** સમાજ ઉત્કર્ષ બાબત પોતાના વિચારો રજૂ કર્યા હતા અને હૃદય સ્પર્શિ દ્રષ્ટાંત આપીને આપણા સમાજના મધ્યમ વર્ગના લોકોને તેમજ જરૂરિયાતમંદ લોકોને એકબીજાને સહય રૂપ થવાની પ્રેરણા આપી હતી.

**પ્રમુખ શ્રી દાનેશભાઈએ ટીમ બિલ્ડીંગની** રૂપરેખા આપી હતી. વિદેશમાં વસતા આપણા પાટણ પરિવારોને સાથે જોડાવા માટેની યોજનાઓ બતાવી હતી. ત્યાં પણ શ્રી પાટણ જૈન મંડળનુ ગ્રુપ બનાવી ત્યાંથી અહીયા મુંબઈ ખાતે ફંડ તેઓ મોકલી શકે છે તે માટેનું **FCRA સર્ટિફિકેટ** પ્રાપ્ત થયેલ છે તે જણાવ્યું હતું. પાટણના યુવાન કાર્યકર **શ્રી વીરાજભાઈ નિગ્નેશભાઈ શાહ** (કનાસાનો પાડો) તેઓ આ કાર્યમાં સક્રિય રસ લઈ રહ્યા છે, **શ્રી નિતીભાઈ જયંતિલાલ શાહ** (ખેતરવસી) તેઓ પણ સક્રિય રસ લઈ રહ્યા છે.

**વર્ષ ૨૦૨૪-૨૫ના** નવા સત્રનો પ્રારંભ થઈ ગયો છે. નવા નવા કાર્યક્રમોના આયોજનો શરૂ થઈ ગયા છે. માનવ સેવાને લક્ષમાં રાખીને સાવ અનોખા પ્રોજેક્ટ માટેની એક યોજના બનાવી છે તે આપની સમક્ષ રજુ કરતા અમને આશા છે કે આપ સૌનો તેમાં જરૂરથી સાથ-સહકાર મળી રહેશે.


**ફંડરેઈઝીંગની** બાબતમાં **પ્રમુખશ્રી દાનેશભાઈએ** વધુમાં વધુ સમાજના પરિવારોને જોડાવવા માટે અપીલ કરી હતી. આ પ્રસંગે આગામી ત્રણ વર્ષમાં **શિક્ષણ, મેડિકલ તથા સમાજ ઉત્કર્ષ** ક્ષેત્રે હાલમાં આપવામાં આવતી સહાયના પ્રમાણમાં ત્રણ વર્ષમાં અનુક્રમે વધારો કરવામાં આવશે તેનુ ગ્રાફિક દર્શાવવામાં આવ્યું હતું. **જે દાતાઓએ તાજેતરમાં દાનનો પ્રવાહ** વહેડાવ્યો હતો તેઓની નોંધ લઈ અનુમોદના કરી હતી અને તે બધા **ડોનરોનું સિલ્કના દુપટ્ટા પહેરાવી,** મોતીની માળા પહેરાવી બધાનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેઓના નામ અને દાનની રકમની નોંધ આ પ્રતિબિંબના અંકમાં લેવામાં આવી છે.

આપણા સૌની માનીતી, જાણીતી અને પ્રિય એવી શ્રી પાટણ જૈન મંડળે **'બંધુત્વ સે પ્રેમ'નું** સૂત્ર આપીને સાચા આર્થમાં સ્નેહ, પ્રેમ અને લાગણીના ઉષ્માભર્યા સંબંધોનો સેતુ જોડાયો છે આ સેતુ પર ચાલીને સૌને એકબીજા સાથે હળવા મળવાનું ગમે છે ત્યારે **પ્રમુખ શ્રી દાનેશભાઈ** તેમની હૃદયની ભાવના પ્રગટ કરતા કહે છેઃ બે જણા દિલથી મળે તો એક મહેફિલ કહેવાય છે

***શ્રી પાટણ જૈન મંડળના મિત્રો મળે છે ત્યારે,***
***મહેફિલની શાન વધી જાય છે.***
***અહીં સૌના સંબંધો વિકસે છે***
***બની જાય છે આખો ગુલઝાર***
***જે આજે પાટણ સમાજના બગીચામાં મહેંકી રહ્યો છે.***


આ અવસરે શ્રી પાટણ જૈન મંડળમાં **છેલ્લા ૬૩ વર્ષથી** સતત સેવા આપનાર આપણા સૌના સ્વજન બનીને રહેનાર **મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોષીનું** તેમની અનન્ય સેવા બદલ **સિલ્કનો દુપટ્ટો તથા માળા** પહેરાવી **પ્રમુખશ્રી દાનેશભાઈએ** તથા મંડળાના **ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** તેમનું બહુમાન કર્યું હતું.

કાર્યક્રમના અંતમાં સેક્રેટરી **શ્રી દેવેશભાઈ શાહે** આભારવિધિ કરતા વેબ એડમિન **ભાવિનભાઈનો પીપીટી પ્રેઝન્ટેશન** માટે વિશેષ આભાર માન્યો હતો, તેમજ **શ્રી દાનેશભાઈના** આમંત્રણને માન આપીને ઉપસ્થિત રહેનાર સહુનો આભાર માન્યો હતો.


ARWARE CLUB HOUSE


GARWARE CLUB HOUS




GARWARE CLUB HOUSE












Donor's for 2024-25
(General Sahay)
2024 - 2027






11 Lakh










SHREE PATAN
JAIN MANDAL
Donor's for 2024-25
(General Sahay)
2024 - 2027

# ભાગ્ય ચમકાવવાનો અવસર

ભાગ્ય ચમકાવવાનો અવસર, ભાગ્ય ચમકે છે, ત્યાં સુધી આપતા રહો.

દાનશાળામાં રહેલા મયુરાકાર સિંહાસન પર બેઠા મહારાજા ભોજ દાનની ગંગા વહાવી રહ્યા હતા.

દાનની આ ગંગામાં કંઈ કેટલાયે જીવો પોતાની ગરીબીના કચરાને સાફ કરી રહ્યા હતા. રાજા ભોજ ચમકતી સુવર્ણ-મહોરો પોતાના પવિત્ર હાથે યાચકોના હાથમાં અર્પણ કરતા હતા અને યાચકો મહોરો મેળવીને પોતાની જાતને ધન્ય માનતા હતા.

આપનારો એક હતો લેનારા અનેક હતા એમાં ઘણા યાચકો એવા પણ દરિદ્ર હતા કે, જુદા જુદા વેશ પહેરીને પણ આવતા, પણ રાજા ભોજ તો દાન આપેજ જતાં. તેઓ મનમાં વિચારતા કે મારી પાસે છે માટે આપવું છે. મારી લોભવૃત્તિ છૂટે માટે આપવું છે, અન્યને જરૂર તો છે જ, પણ મારે છોડવું છે માટે આપતા જ રહેવું છે.

સવારના એક પ્રહર જેટલા સમયમાં સવા લાખ સુવર્ણ મહોરોનું તેઓ દાન કરતા, તેઓ વિચારતા કે મારું ભાગ્ય નથી કે હું મહારાજા વિક્રમાદિત્યની જેમ મહાદાની બની શકું. વિક્રમ મહારાજા તો નિત્ય સવારે સવા કરોડ સુવર્ણ મહોરોનું દાન કરતા મારું આવું ધન-ભાગ્ય ક્યારે ખીલશે ?

પરંતુ રાજા ભોજના ખજાનચી ચિંતામાં ડૂબી જતાં મહારાજા આ જ રીતે દાન આપતા જ રહેશે, તો જરૂરથી એક દિવસ રાજ્યનો ખજાનો ખાલી થઈ જશે, તો રાજાને કહેવું પડશે કે દાનનું પ્રમાણ થોડું ઓછું કરો. આમ ને આમ દાન આપ્યા કરશો તો એ યોગ્ય નથી. રાજ્યમાં જ્યારે અચાનક જો મુશ્કેલી આવે તો આમાથી કોઈપણ મદદ કરવા આવશે નહીં આવી ઘણી બધી ચિંતાઓ અને મુંઝવણો ખજાનચીને થતી તે રાજાને કહેવાની હિંમત કરી શકતો નહોતો. એને બીજી ચિંતા એ હતી કે આ બધા મફતમાં મદદ લઈ જાય છે ઘણું મનોમંથન કર્યા બાદ ખજાનચી થી રહેવાયું નહીં છેવટે પોતાના વિચારને રાજા સમક્ષ પ્રસ્તુત કરવા માટે એક યોજના વિચારી.

રાજા દાનશાળામાં પ્રવેશે ત્યારે એમની નજર ભીત ઉપર જાય એ રીતે વાક્ય ખજાનચીએ લખી દીધું ! બીજે દિવસે સવારે રાજા ભોજ દાનશાળામાં પધારે છે ત્યારે ત્યાં લખેલું વાક્ય વાંચે છે.

''આપત્તિની વેળાએ ટકી રહેવા માટે ધનને બચાવવું બહું જરૂરી છે.''

રાજા સમજી ગયા, ખજાનચીની આ રમતને કારણે રાજા જ્યારે દાન આપતા હોય ત્યારે ખજાનચીની આંખોમાં દાન સહન ન થવાના ભાવ દેખાતા હોય છે. રાજાએ પણ ખજાનચીને સમજાવવા માટે તેની નીચે બીજું વાક્ય લખ્યું ''ભાગ્યશાળીને મુશ્કેલીઓ કેવી ?'' ભાગ્ય જેનું ચમકતું હોય, ત્યાં અંધારા નડે નહીં.

જબરો તમાચો ! ભાગ્ય જાગે છે, ત્યાં સુધી આપત્તિઓ ઊંઘેલી જ રહે છે ભાગ્યનો સૂરજ તપતો હોય ત્યાં સુધી કોઈ ગ્રહ પણ નડે નહીં.

ખજાનચીએ આ વાચ્યું સમજી ગયો, રાજાજીને સમજાવવાની કોઈ જરૂર નથી, ભાગ્ય તેજ છે તેને શી ચિંતા ? પણ બધાના દિવસો એક સરખા નથી જતા, ક્યારેક ભાગ્ય અવળું પડે તો ?

ફરી ખજાનચીએ એક વાક્ય ઉમેર્યું.

'ક્યારેક ભાગ્ય રૂઠી જાય તો ? માટે કંઈક ભેગું કર્યું હોય તો કામ આવે.'

રાજાએ આ વાચ્યું, જોરદાર થાપડ મારતો જવાબ રાજાએ આપી દીધો, તેની નીચે લખ્યું, 'ભાગ્ય રૂઠે તો ભેગું કરેલું પણ વહી જશે, ભાગ્ય છે ત્યાં સુધી ભેગું કરેલું ટકે છે.'

વિક્રમની બારમી સદીમાં થયેલા આચાર્ય અજિતસેન સૂરિમહારાજના શિલ્પ આચાર્ય જિનેશ્વરસૂરિના ઉપદેશનો પ્રકાશ પાથરતા મહારાજા ભોજે બીજે દિવસે ભરી સભામાં ભંડારીને મુખ્ય લક્ષ્યમાં કરીને કહ્યું, 'ભાગ્યશાળીઓ ! આપણું ભાગ્ય જીવતું છે ત્યાં સુધીમાં નવું ભાગ્ય પ્રગટાવવાનો એક જ તરીકો છે.'

'દાન આપતા શીખો ભાગ્ય છે ત્યાં સુધી જ દાન રહેશે પછી નહીં.'


**ઘર વેચવાનું છે**

**પટવાની ખડકી, કોકાના પાડાની બાજુમાં (ગોળશેરી), પાટણ (ઉ. ગુજરાત)**

-: સંપર્ક :-

**વિનોદભાઈ જશવંતલાલ શાહ**

**9820010573**

ADVT

# શ્રી પાટણ જૈન મંડળ - જીવન મહેક સમિતિ દ્વારા ડિજીટલ જીવનસાથી પ્લેટફોર્મ

જીવન મહેક સમિતિ દ્વારા ૧૬ મે ૨૦૨૩ના એક ડિજીટલ જીવનસાથી પ્લેટફોર્મની શરૂઆત કરવામાં આવી હતી. આ ગ્રુપનું વિઝન આપણી કોમ્યુનિટીનો વિકાસ કરવા તેમજ વર્ષોથી ચાલી આવતા આપણા પારંપારિક રીત-રીવાજો સંસ્કારો, સંસ્કૃતિને જાળવીને જનરેશનને આગળ વધારવાની છે. આના સફળ પ્રોગ્રામની ઝલક.

આ પ્લેટફોર્મ ઉપર સમાજના અપરિણિત યુવક-યુવતીઓના બાયોડેટા ઉંમર પ્રમાણે ફાઈલ બનાવીને મુકવામાં આવ્યા છે જેમાં પોતાની પસંદગી મુજબ પાત્ર શોધવામાં સરળતા રહે. આ પ્લેટફોર્મ ઉપર અંદાજીત ૨૫૦થી વધુ બાયોડેટા મુકવામાં આવ્યા છે. આ ૧૦ મહિનાના ટૂંકા સમયમાં (વર્ષ ૧૯૭૦ થી ૨૦૦૦)સુધીની ઉંમરના ૧૪ યુવક-યુવતીની સગાઈ (૭ કપલ)ના લગ્ન પણ થઈ ગયા છે, જેમાં બન્ને પાત્ર પાટણના જ છે. ધીમે ધીમે આ પ્લેટફોર્મ સફળતા પૂર્વક આગળ વધી રહ્યું છે. અને હજી આ પ્લેટફોર્મને આગળ વધારવા માટે સમાજના લોકોનો સહયોગ ખુબ જ જરૂરી છે. ડિવોર્સી તથા આઉટ ઓફ ઈન્ડિયાવાળા પણ આ ડિજીટલ પ્લેટફોર્મ પર બયોડેટા મોકલી શકે છે.

આપણા સમાજના લોકો યોગ્ય પાત્ર શોધવા બહારના સમાજના મેટ્રીમોનીયલ પ્લેટફોર્મ ઉપર પ્રયત્ન કરી રહ્યાં છે તો આપ સર્વેને એક વિનંતી છે જીવન મહેક સમિતિ દ્વારા બનાવેલા ડિજીટલ પ્લેટફોર્મ ઉપર તમારા દીકરા-દીકરીનો બાયોડેટા મોકલાવીને સફળ બનાવવા માટે સહકાર આપશો.

વર્ષ ૨૦૨૪નું આપણા પ્રમુખનું નવું સ્લોગન છે **''સાથી હાથ બઢાના''** તો આ સ્લોગનને સાર્થક કરવા માટે દરેક પટ્ટણીઓએ પોતાનુ યોગદાન આપવું જરૂરી છે.

શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા (કન્વીનર) : મો. ૯૩૨૩૭૪૨૭૮૯

માનદમંત્રીઓ: શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ : મો. ૯૩૨૩૯૫૩૭૭૯
શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ : મો. ૯૭૬૯૩૬૯૧૯૬
શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ : મો. ૯૮૧૯૦૦૭૪૬૯

## ડિજીટલ પ્લેટફોર્મના સફળ કપલ

(૧) શ્રીમતી હેમાબેન પિયુષભાઈ શાહના **સુપુત્ર ચિ. અવી શાહ** (તંબોલી વાડો) ના લગ્ન
શ્રીમતી શિતલબેન સુનીલભાઈ શાહની **સુપુત્રી ચિ. હેત શાહ** (મારફતિયા મહેતાનો પાડો) સાથે થયેલ છે.

(૨) શ્રીમતી નિમીષાબેન કેતનભાઈ શાહના **સુપુત્ર ચિ. પાર્થ શાહ** (મારફતિયા મહેતાનો પાડો)ના લગ્ન
શ્રીમતી કોમલબેન જિતેન્દ્રભાઈ શાહની **સુપુત્રી ચિ. દીશા શાહ** (ઘીયાનો પાડો) સાથે થયેલ છે.

(૩) શ્રીમતી પુજાબેન નિલેશભાઈ શાહના **સુપુત્ર ચિ. નિલય શાહ** (કનાસાનો પાડો)ના લગ્ન
શ્રીમતી જીજ્ઞાબેન મનોજભાઈ સાંડેસરાની **સુપુત્રી ચિ. નીલી શાહ** (રાજકા વાડો) સાથે થયેલ છે.

(૪) શ્રીમતી મનીષાબેન ચેતનભાઈ શાહના **સુપુત્ર ચિ. મિહીર શાહ** (ચીતારાની ખડકી)ના લગ્ન
શ્રીમતી દીપાલીબેન નરેન્દ્રભાઈ શાહની **સુપુત્રી ચિ. માનશી શાહ** સાથે થયેલ છે.

(૫) શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહના **સુપુત્ર ચિ. નેમી શાહ** (ઢંઢેરવાડો)ના લગ્ન
શ્રીમતી કેતકીબેન ભાવેશભાઈ શાહની **સુપુત્રી ચિ. વિધી શાહ** (કનાસાનો પાડો) સાથે થયેલ છે.

(૬) શ્રીમતી મયૂરીબેન અતુલભાઈ તેલિયાવાલાના **સુપુત્ર ચિ. રોનક તેલિયાવાલા** (મનમોહનજીની શેરી)ના લગ્ન
શ્રીમતી પ્રિતીબેન હરેશભાઈ શાહની **સુપુત્રી ચિ. મિલોની શાહ** (ખેતરવસી) સાથે થયેલ છે.

(૭) શ્રીમતી ડૉ. વિમળાબેન પંકજભાઈ શાહના **સુપુત્ર ચિ. નિરવ શાહ** (મહાદેવાજીની શેરી) ના લગ્ન
શ્રીમતી ઈલાબેન સંજયભાઈ શાહની **સુપુત્રી ચિ. ડૉ. મોનલ શાહ** (કોકાનો પાડો) સાથે થયેલ છે.

❑ **જીવન મહેક સમિતિ**

# શ્રી પાટણ જૈન મંડળ

## જીવન સૌરભ સમિતિ આયોજીત યાત્રા પ્રવાસ

# લોઢાધામ તથા જીવદયા ધામ

**મુખ્ય દાતા : શ્રીમતી પરેશાબેન મહેશભાઈ શાહ (કપુરમહેતાનો પાડો) જીવદયા ટ્રસ્ટ**

**સહાયક દાતા : શ્રીમતી મીનાક્ષીબેન કીર્તિભાઈ બાલુભાઈ શાહ (કેશુશેઠનો પાડો)**

**શુભેચ્છક દાતા :** શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) (કનાસાનો પાડો)
શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ શાહ (સાલવી વાડો) હ. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ

## વિ. સં. ૨૦૮૦, વૈશાખ વદ ૧૧, રવિવાર તા. ૦૨-૦૬-૨૦૨૪

**પ્રોગ્રામની વિગત**

- સવારે ૬.૩૦ કલાકે મુંબઈથી લોઢાધામ તરફ પ્રયાણ
- સવારે ૮.૦૦ કલાકે લોઢાધામ - દર્શન, વંદન, નવકારશી
- સવારે ૯.૪૫ કલાકે લોઢાધામથી શ્રી જીવદયા ધામ તરફ પ્રયાણ સવારે ૧૦.૪૫ કલાકે શ્રી જીવદયા ધામ આગમન, સેવા-પૂજા, સ્નાત્રપૂજા આદિ...
- બપોરે ૧૨ થી ૨ કલાકે સાધર્મિક ભક્તિ
- બપોરે ૨.૩૦ થી ૪.૩૦ કલાકે વેરાયટી પ્રોગ્રામ અને દાતા પરિવારનું બહુમાન
- સાંજે ૫.૦૦ કલાકે ચોવિહાર • સાંજે ૭.૦૦ કલાકે મુંબઈ તરફ પ્રયાણ

## અરજી પત્રક માહિતી ફોર્મ

રેફરન્સ નં. ....................

| ક્રમ | પુરુનામ | જન્મ તા. ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ /ફોન | રહેઠાણ વિસ્તાર | બસમાં બેસવા માટે અનુકૂળ સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |

રૂા. ........................................ રોકડા મળ્યા છે. ફોર્મ ભરનારની સહી ..................................................

ફોર્મ મળ્યાની તા. ........................ સમય.................................... રકમ લેનારની સહીઃ ..................................................

**ખાસ નોંધ :** (૧) ઉપરોક્ત પ્રોગ્રામ ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સીટીઝન માટે જ છે. (૨) વહેલા તે પહેલોના ધોરણે ભરાયેલ ફોર્મની નોંધ લેવામાં આવશે. (૩) વ્યક્તિ દીઠ રૂા. ૨૦૦/- ભરવાના રહેશે. (૪) ફોર્મ ભરવાનો અંતિમ દિવસ શુક્રવાર, તા. ૧૫-૦૫-૨૦૨૪ (૫) ફોર્મ ભરીને શ્રી પાટણ જૈન મંડળ મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી અને ભાયંદર કાર્યાલય અથવા જીવન સૌરભના કન્વિનર તથા માનદમંત્રીને પહોંચાડવું (૬) શારીરિક રીતે અશક્ત કે માંદગી ધરાવનારે ફોર્મ ભરવું નહીં. (૭) જાન-માલના નુકસાન અંગે દાતા પરિવાર કે સંસ્થાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહીં. (૮) બસની વ્યવસ્થા : મરીનડ્રાઈવ, ચોપાટી, વાલકેશ્વર, પાર્લા, ગોરેગામ, બોરીવલી, ભાયંદરથી કરવાનું વિચારેલ છે. (૯) અરજી પત્રક મંજુર / નામંજુર કરવાના સર્વ હક્ક જીવન સૌરભ સમિતિના ઓફિસ બેરરને રહેશે.

**વધુ વિગત માટે સંપર્ક : કન્વીનર : શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા (9323742789)**

માનદમંત્રી શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ (9833116262) • માનદમંત્રી શ્રી જયેશભાઈ કુમારપાળ શાહ (9820126885)
માનદમંત્રી શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ (9820190551) • સહમંત્રી શ્રી સુનીલભાઈ શશિકાંત ઝવેરી (9820782820)

.................................................. **Office copy** ..................................................

**શ્રી પાટણ જૈન મંડળ - જીવન સૌરભ સમિતિ આયોજિત લોઢાધામ તથા જીવદયા ધામ (એક દિવસીય યાત્રા પ્રવાસ)**

| ક્રમ | પુરુનામ | જન્મ તા. ઉંમર | પાટણનો મહોલ્લો | મોબાઈલ /ફોન | રહેઠાણ વિસ્તાર | બસમાં બેસવા માટે અનુકૂળ સ્થળ |
|---|---|---|---|---|---|---|
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |

સરનામું : ..................................................................................................રેફરંન્સ નં. ....................

ફોર્મ મળ્યાની તા. ........................ સમય.............. રૂા. ........................ રકમ લેનારની સહીઃ ..................................................



## Shree Patan Jain Mandal
## Saurabh Medical Health Care
### (Goregaon)

## We Welcome Donors for the following Department

| | | | |
|---|---|---|---|
| 19. | X-ray | ... | 1.25 Cr |
| 20. | Physiotherapy | ... | 1.25 Cr |
| 21. | Dental | ... | 1.00 Cr |
| 22. | ENT | ... | 1.00 Cr |
| 23. | Pediatric | ... | 1.00 Cr |
| 24. | Dermatology | ... | 0.50 Cr |
| 25. | Homeopathy | ... | 0.50 Cr |
| 26. | Ayurvedic | ... | 0.50 Cr |

### CONTACT FOR DONATION

Shri Daneshbhai Vinodchandra Shah
Mo. 9930891985
Shri Hemantbhai Kantilal Salvi
Mo. 9820048367

| Donors Name | Details | Cost Amt. |
|---|---|---|
| **CONFERENCE ROOM** | | |
| * Smt. Madhuben Vardhamanbhai Nagindas Sandesara | | 25 Lc |
| **OPG SECTION** | | |
| * Smt. Pravinaben Mahendrabhai Sandesara<br>Haste: Shri Sonirbhai Mahendrabhai Sandesara | | 25 Lc |
| **GASTROENTEROLOGY** | | |
| * Shri. Jatinbhai Bhagwandas Shah<br>Haste: Smt. Ninaben Jatinbhai Shah | | 25 Lc |
| **CHEST MEDICINE** | | |
| * Shri. Deepakbhai Sevantilal Chimanlal Patani | | 25 Lc |
| **GASTRITIS** | | |
| * Smt. Kinnariben Dipakbhai Shah | | 25 Lc |

## શ્રી પાટણ જૈન મંડળ

## સૌરભ મેડિકલ હેલ્થ કેર દાન યોજના

| | Donors Name | Details | Cost Amt. |
|---|---|---|---|
| | | **MAIN DONOR OF PROJECT** | |
| ✳ | Smt. Arunaben Babulal Chhotalal Shah | | 5.25 Cr |
| | | **CO. DONOR OF PROJECT** | |
| ✳ | Smt. Pannaben Kapoorchand Sonawala | | 4.00 Cr |
| | | **2000 Sq.Ft PROPERTY (Approx Rs. 5.50 Cr)** | |
| ✳ | Shri Ashokbhai & Shri Niranjanbhai Popatlal Shah | | |
| | | **CARDIOLOGY DEPARTMENT** | |
| ✳ | Smt. Vasantben Champaklal Manilal Jhaveri<br>Haste: Shri Bhupendrabhai, Shri Mukeshbhai, Shri Dhananjaybhai Champaklal Jhaveri | | 2.50 Cr |
| | | **PATHOLOGY DEPARTMENT** | |
| ✳ | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | | 1.50 Cr |
| | | **SONOGRAPHY DEPARTMENT** | |
| ✳ | Smt. Geminiben Hemantbhai Kantilal Salvi | | 1.25 Cr |
| | | **DIALYSIS CENTRE** | |
| ✳ | Shri Shantilal Nagindas Shah (Shubh Trust) | | 1.25 Cr |
| | | **GENERAL SURGERY** | |
| ✳ | Smt. Vasumatiben Sevantilal Ambalal Shah | | 1.25 Cr |
| | | **OPHTHALMOLOGY** | |
| ✳ | Smt. Pushpaben Hasmukhbhai Shah Parivar and<br>Smt. Shilpaben Prakashbhai Shah Parivar | | 1 Cr |
| | | **ORTHOPEDIC CENTRE** | |
| ✳ | Shri Nilesh Rameshchandra Chhabildas Jhaveri Parivar and<br>Shri Kalpeshbhai Rameshchandra Chhabildas Jhaveri | | 50 Lc |
| | | **GYNECOLOGY CENTRE** | |
| ✳ | Smt. Jyotsnaben Mahendrabhai Shah<br>Haste: Smt. Kanalben Hiteshbhai Shah, Shri Hiteshbhai Mahendrabhai Shah | | 50 Lc |
| | | **SADHU BHAGWANT ROOM** | |
| ✳ | Smt. Neelaben Ashokbhai Popatlal Shah | | 50 Lc |
| | | **SADHVIJI BHAGWANT ROOM** | |
| ✳ | Smt. Rashmikaben Niranjanbhai Popatlal Shah | | 50 Lc |
| | | **MAMMOGRAPHY** | |
| ✳ | Smt. Bhartiben Yashwantbhai Harilal Jhaveri | | 50 Lc |
| | | **GENERAL CONSULTING** | |
| ✳ | Smt. Sudhaben Dineshbhai Shantilal Shah Parivar | | 50 Lc |
| | | **INTERNAL MEDICINE** | |
| ✳ | Babu Panalal Poonamchand Cheritable Fund<br>Babu Jivanlal Panalal Trust<br>Babu Nanakchand Poonamchandji Trust | | 50 Lc |
| | | **DIABETIC** | |
| ✳ | Smt. Vimlaben Navinchandra Gabhruchand Shah | | 50 Lc |
| | | **DR. REPORTING ROOM** | |
| ✳ | Smt. Bhanuben Sureshchandra Himatlal Shah<br>Haste: Miteshbhai-Ajishaben, Himansubhai-Jalpaben, Jigarbhai-Reenaben | | 25 Lc |
| | | **WAITING AREA** | |
| ✳ | Shri Shirishbhai Mafatlal Zaveri<br>Haste: Smt. Vil asben Shirishbhai Zaveri Parivar | | 25 Lc |
| | | **RECEPTION ROOM** | |
| ✳ | Prince Devlopar Dharmeshbhai Ramcharan Pandit (Goregaon) | | 25 Lc |

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા

# શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય

### દાતાઓની નામાવલી

**MAIN BUILDING - Rs. 1,51,00,000**
**SHRI TRIBHUVANBHAI DHANJIBHAI PATEL**

**COMPUTER ROOM - Rs. 30,00,000**
**SHRI NIRANJANBHAI AMRUTLAL SHAH**

**Siddhahem Gyan Lobby Each Rs. 10,00,000/- (4)**

Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala)
Dr. Yashwantbhai Harilal Jhaveri
Dr. Vikrambhai Varjivandas Shah - by: Smt. Jayshreeben
Shri Mahendra Devchand Sandesara - USA

**Digital Class Room Each Rs. 7,00,000/- (14 Class Room)**

* Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala)
* Shri Jaswantbhai Sevantilal Vora - Ex.Student
* Smt. Indiraben Sevantilal Shah
* Smt. Nirmalaben Ravindrabhai Shah
* Shri J.K.Shah & Shri Amitbhai Tarachand Sanghvi
* Shri Yogeshbhai Nemchand Shah
* Shri Hasmukhlal Mahasukhlal Shah
* Smt. Rasmikaben Bharatbhai Shah
* Shri Rasiklal Chhotalal Doshi Ahmedabad-Ex. Student
* Shri Priyavadanbhai Khubchand Shah
* Smt. Pareshaben Rajeshbhai Shah
* Shri Mukeshbhai Navinchandra Shah
* Smt. Sushilaben Rameshchandra Shah (Rajulawala)
* Smt. Naynaben Dineshbhai Shah

| | | |
|---|---|---|
| Balvatika Wall & Garden | Smt. Bhagvatiben Vinodchandra Shah (Matliwala) | 8,00,000 |
| Library | Shri J.K. Shah & Shri Amitbhai Tarachand Sanghvi | 7,00,000 |
| Staff Room | Shri Mitinbhai Ambalal Patel - Ex Student | 5,50,000 |
| Principal Room | Smt. Pritiben Pareshbhai Shah | 5,50,000 |
| Sangeet Room | Shri Vallabhbhai Dhanjibhai Patel | 5,50,000 |
| Art Room | Shri Hasmukhbhai Gadecha - Ex Student | 5,50,000 |
| Visitor Room | Ex Student 1975-1976 | 5,50,000 |
| Canteen | Smt. Kantaben Nanakchand Shah | 5,50,000 |
| Lift | Shri Bapulal Nagardas Shah - Smt. Nirmalaben Hiralal Shah | 5,50,000 |
| Balvatika | Shri Mukeshbai Navinchandra Shah | 3,00,000 |

**Water Room Each Rs. 3,00,000/- (4)**

* Shri Harshilbhai Mitulbhai Shah
* Shri Rajendrabhai Jayantilal Shah
* Shri Akshaybhai Pragneshbehai Shah
* Shri Ketanbhai Hasmukhlal Shah

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સૂચિત નૂતન પ્રાથમિક શાળા
## શ્રી ત્રિભોવનભાઈ ધનજીભાઈ સ્માર્ટ વિદ્યાલય

**Advance Invtiation**

# શુભારંભ - ઉદ્‌ઘાટન સમારોહ

**આગોતરુ આમંત્રણ**

### દિનાક ૦૯-૦૬-૨૦૨૪, રવિવાર

**શનિવાર, તા. ૦૮-૦૬-૨૦૨૪, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ**

**રવિવાર, તા. ૦૯-૦૬-૨૦૨૪, સવારે ૯ થી ૧ ઉદ્‌ઘાટન સમારોહ**

**સંસ્થાના હોદ્દેદારો, દાતાશ્રીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને પટણી પરિવારોને પધારવા ભાવભર્યું નિમંત્રણ. આવવા માટેનું બુકીંગ વગેરેની તૈયારી આજેજ કરશો.**



**શિક્ષણ પ્રદાન ક્ષેત્રના આ અભિયાનમાં તમો સહભાગી બન્યા છો ? આજેજ વિચારો... આજેજ જોડાઓ...**
**પુણ્યાનુબંધી પુણ્ય કમાવો.... વર્ષો વર્ષની સ્મૃતિ માટે તમારા પરિવારની તક્તી અંકિત કરાવો....**

**૨૯ સ્કીમો માટે દાતાશ્રીઓ પ્રાપ્ત છે, બાકી રહેલી ૬ સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ◆ | Multipurpose Hall | 1 | ... | 25,00,000 | ◆ | Science Lab | 1 | ... | 15,00,000 |
| ◆ | Multipurpose Hall | 2 | ... | 25,00,000 | ◆ | General Lab | 1 | ... | 15,00,000 |
| | | | | | ◆ | Lift | 1 | ... | 5,50,000 |

**નૂતન પ્રાથમિક સ્કુલ પ્રોજેક્ટમાં નાનાથી મોટા દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થિઓ તથા પટ્ટણીઓ વિદ્યાદાન આપી જોડાઈ શકે તે હેતુથી નીચે મુજબની યોજના જાહેર કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.**

### ☀ GOLDEN STONE RS. 2,00,000/- તક્તિમાં નામ આવશે

- Shri Jyotindra Jayantilal Devdawala
- Shri Tusharbhai Chinubhai Shah
- Smt. Mrudulaben Prafulbhai Kantilal Shah
- Shri Deepakbhai Narendrabhai Shah
- Dr. Yashwantbai Harilal Jhaveri
- Shri Janakbhai Arvindkumar Shah
- Smt. Harshaben Bharatbhai Shah
- Smt. Pravinaben Chinubhai Shah

### ☀ SILVER STONE RS. 1,00,000/- તક્તિમાં નામ આવશે

- Smt. Madhuben Kantilal Shah
- Smt. Bhaviniben Janakbhai Shah
- Shri Maneklal Gabharuchand Shah
- Shri Arvindbhai Chimanlal Shah
- Smt. Smitaben Arvindbhai Shah
- Shri Kantilal Vadilal Shah
- Smt. Shantaben Kantilal Shah
- Smt. Ketakiben Kaushikbhai Shah

☀ જુન ૨૦૨૪ સુધીમાં રકમની ભરપાઈ કરવાની રહેશે.

સંસ્થામાં અપાયેલ દાન ઈન્કમટેક્ષ કાયદા કલમ ૮૦જી અન્વયે ૫૦ ટકા કરમુક્તિ પાત્ર છે • આ પ્રોજેક્ટમાં CSR યોજના અન્વયે પણ દાન આપી શકાય છે.

શ્રી પાટણ જૈન મંડળ : ૮૭૭૯૧૬૧૨૦૯ ✻ પ્રમુખશ્રી, શ્રી દાનેશભાઈ વી. શાહ - ૯૯૩૦૮૯૧૯૮૫
ઉપપ્રમુખ, શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ - ૯૩૨૨૨૨૭૨૦૯ ✻ માનદમંત્રી, વિદ્યાલય શ્રી ભરતભાઈ સી. શાહ - ૯૩૨૩૧૮૯૯૪૧

## દિશા સમાચાર

આયુષ રિસોર્ટમાં **ચિ. મીવાનના** બર્થ-ડે નિમિત્તે દિશાના બાળકોની સાથે જન્મદિવસ ઉજવવાનો વિચાર જ કેટલો અદભુત છે. ખડાખોટડીના પાડાના **શ્રીમતી હંસાબેન અને શ્રી ભરતભાઈ મનુભાઈ શાહના** પ્રપૌત્રના જન્મ દિવસની પહેલી વર્ષગાંઠ આયુષ રિસોર્ટમાં ઉજવવાનું નક્કી કર્યું. વહેલી સવારના આયુષ રિસોટમાં પહોંચ્યા ત્યારે બાળકો ખુશ ખુશાલ હતા. ત્રણ ટાઈમનું સ્વાદિષ્ટ ભોજન અને સુંદર નયન રમ્ય વાતાવરણ પછી પૂછવાનું જ શું હોય. નાના મીવાનની આ બર્થ-ડે બધાને યાદ રહી ગઈ. અંતાક્ષરી અને હાઉઝી ગેમ્સ રમ્યા પછી તેમની પુત્રવધુ **હિનલ** અને **અનેરી** બાળકો માટે ફ્લુડ આર્ટની દરેક વસ્તુ લઈને આવેલા હતા બાળકોને ખુબ જ મજા પડી. કઈક એવી ગિફ્ટ જે જાતે બનાવવાની અને પછી સાથે લઈ જવાની પોતે કંઈ કરી શકે છે તેનો આનંદ જ કંઈક અનેરો હોય. આમ પણ ભેટ સોગાદનો તો ઢગલો થઈ ગયેલો. ખાસ તેમના નામવાળા ટોવેલ તેમને મળ્યા. હોમ મેડ બિસ્કીટ, ડ્રાયફ્રુટ અને લગભગ ૧૨૦૦ રૂપિયાનું કવર મળ્યું અને પોતાના નામવાળી ગિફ્ટ જાતે કલર કરીને પોતે લઈ ગયા. આપણી **બીના** પણ તેની બર્થ ડે માટે દરેક બાળક માટે ફોલ્ડેબલ બેગ લાવેલી. **શ્રીમતી રાજેન્દ્રબેન જે. શાહ** પણ બાળકો માટે કવર લઈને આવેલા અને તેમના નામ વાળી ગિફ્ટ તે કલરથી પેન્ટ કરીને સાથે લઈ ગયા. **ભરતભાઈના બન્ને દીકરાઓ અને વેવાઈનો** ખુબ ખુબ આભાર.








## અભિનંદન



કનાસાના પાડાના યશમુખભાઈ ડાહ્યાભાઈ માટલીવાલાના સુપુત્રી **અમીબેન યશમુખભાઈ શાહ** ૨૫ વર્ષથી શિકાગોમાં રહે છે અને છેલ્લા દસ વર્ષથી **Abbott Pharma Company** ફાઈનાન્સિયલ પ્રોજેક્ટ મેનેજર તરીકે જોબ કરી રહ્યા છે તેમને આ વર્ષે ૨૦૨૩નો **Best CIO AWARD** પ્રાપ્ત થયો છે તે બદલ ખુબ ખુબ અભિનંદન.






# પાટણસ્થિત વિશ્વપ્રસિદ્ધ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર વિદ્વાનો માટે તિર્થસમાન છે




પ્રાચીન ભારતીય સાહિત્યના સંવર્ધન - સંરક્ષણ સમગ્ર વિશ્વના વિદ્વાનોમાં પ્રખ્યાત વિશ્વપ્રસિદ્ધ હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિરમાં આજ રોજ તા. ૦૫-૦૪-૨૦૨૪ના રોજ જ્ઞાનના ઉત્સવનો અનોખો કાર્યક્રમું આયોજન થયું હતું. ઈ.સ. ૧૯૩૯માં સ્થાપનાના ૮૫ વર્ષની સફરમાં અનેક ભારતીય જ નહીં પરંતુ વિદેશી વિદ્વાનોએ આ સંસ્થાની મુલાકાત માટે આવ્યા છે. પ્રાચીન ભારતીય શિક્ષા પ્રણાલિનો વારસો ભવિષ્યની પેઢીને પણ ઉપલબ્ધ થાય તેવા પ્રયત્નોના ભાગરૂપે માત્ર હસ્તપ્રતો અને તાડપત્રો જ નહીં પરંતુ આઝાદી પહેલાના અનેક અલભ્ય પ્રકાશિત પુસ્તકો મેગેઝિન વગેરેનું પણ ડિજિટલાઈઝેશન કરવામાં આવ્યું છે.

આગમ પ્રભાકર મુની જંબુવિજયજીના શિષ્યરત્ન આચાર્યશ્રી પુંડરિકરત્નસૂરિના અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ જ્ઞાનમંદિરના પ્રાંગણમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત મુનિશ્રીના મંગલાચરણથી થઈ હતી. દીપપ્રાગટ્ય બાદ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી યતિનભાઈ શાહે સંસ્થાનો પરિચય આપ્યો હતો અને તે સાથે ગ્રંથ ભંડારમાં નવી ઉમેરાયેલી આશરે ૪૩૦૦ કાગળની હસ્તપ્રત તેમજ એક સૈકા જુના મેગેઝિન જેમ કે હરિજનબંધુ, સાહિત્ય, પ્રબુદ્ધ જૈન જેવા ૨૦૦૦ જેટલા અલભ્ય મેગેઝિન તથા ૨૦૦૦ જેટલા પત્રો, ચિત્રો, નકશા તેમજ મોટી સંખ્યામાં મુદ્રિત પુસ્તકોના સ્કેનિંગ થયાની માહિતી આપી હતી. આ કાર્ય મુનિશ્રી મહાવિદેહવિજયની દેખરેખ હેઠળ સુશ્રી માનસી ધારિવાલના નૈતૃત્વ હેઠળ સફળતાથી પૂર્ણ થયું હતું તે માટે સમગ્ર ટીમનો આભાર માન્યો હતો. સુશ્રી માનસી ધારીવાલે કાર્યનો અહેવાલ આપીને જણાવ્યું હતું કે આ જ્ઞાનમંદિરમાં સચવાયેલી હસ્તપ્રતો અમૂલ્ય છે, અનેક હસ્તપ્રતો તેમજ તાડપત્રો અપ્રકાશિત છે. તે વારસો ભવિષ્યની પેઢી માટે સંવર્ધિત કરવામાં આવ્યો છે. આ વારસો ભારતના સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક વગેરે દ્રષ્ટિએ અમૂલ્ય છે. સચવાયેલા પત્રો તત્કાલિન માહિતીથી યુક્ત છે તેનો વ્યવસ્થિત અભ્યાસ કરવાની જરૂર છે. કાર્યક્રમના વિશિષ્ટ અતિથિ અમદાવાદના એલ.ડી.ઈન્ડોલિજીના પૂર્વનિર્દેશક અને જૈન સાહિત્યના અભ્યાસુ ડૉ. જિતેન્દ્ર શાહે જણાવ્યું કે ભારતમાં ૫ કરોડ જેટલી હસ્તપ્રતોમાંથી આજે માત્ર ૧ કરોડ જેટલી જ હસ્તપ્રતો ઉપલબ્ધ છે, ઘણુ સાહિત્ય નષ્ટ થયું છે, પ્રતિમાં અને પ્રત આ બે સાધનોથી જ સંસ્કૃતિનું રક્ષણ થયું છે અને આગળ પણ થશે. વર્તમાન સમયમાં જ્ઞાન પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. જૈસલમેરના જ્ઞાનભંડારના અધ્યક્ષ મહેન્દ્રભાઈ શાહે સંસ્થાના કાર્યને બિરદાવ્યું હતું અને જેસલમેરમાં પણ આ કાર્ય કરવા માટે આમંત્રણ આપ્યું હતું. ગુજરાતયુનિના પ્રાકૃત - પાલિ વિભાગના અધ્યક્ષ ડૉ. દીનાનાથ શર્માએ હેમચંદ્રાચાર્ય યુનિ. માં પ્રાકૃત-સંસ્કૃત હસ્તપ્રતોમાં રહેલા સાહિત્યનો અભ્યાસ અને સંશોધન કરવા માટે પ્રયત્નો કરવા માટે જૈન શ્રેષ્ઠીઓને હાકલ કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદૂષિરત્ના શ્રી ચિન્તનપૂર્ણાશ્રીજીએ હસ્તપ્રતમાં રહેલા જ્ઞાનના પ્રચાર પ્રસારની જરૂર છે તેમજ પાટણ યુનિ. માં સાધુ-સાધ્વીઓને એકેડમિક લેવલના અભ્યાસની જરૂરિયાત તેમજ સુવિધા ઊભી કરવા જૈન શ્રેષ્ઠીઓને સૂચન કર્યું હતું. આચાર્યશ્રી પુંડરિક રત્નસૂરિએ વલ્લભીપુરમાં થયેલ સંમેલનને યાદ કરીને જૈન મુનિઓની જ્ઞાનસેવાને બિરદાવી હતી. પોતાના ગુરુશ્રી જંબુવિજયજીનું સ્મરણ કરીને જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાની ગુરુના આશિર્વાદ અને પ્રેરણાથી જ રાજ્યવ્યવસ્થા ચાલતી હતી. ભારતે કોઈપણ અન્ય દેશ પર આક્રમણ કર્યું નથી. અનેક વિદેશીઓએ ભારતને લૂંટ્યું છતાં પણ ભારત ક્યારેય ભાંગી પડ્યું નથી. તેના મૂળમાં ભારતીય જ્ઞાન પરમ્પરા અને સભ્યતા છે. કાર્યક્રમમાં સુશ્રી માનસીબેનનું સન્માનપત્ર આપીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત સંસ્થાના અન્ય કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. પાટણની જ્ઞાનપ્રેમીઓ તેમજ જૈન અનુયાયીઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. જૈન પ્રાચીન લિપિ અને ભાષાના જાણકારો તૈયાર થાય તેવા સેમિનાર, વર્કશોપ વગેરે અનેક કાર્યક્રમ પણ સંસ્થા ભવિષ્યમાં કરશે તેમ સંસ્થાના વ્યવસ્થાપક શ્રી યતિનભાઈ શાહે જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. કુણાલ કપાસીએ કર્યું હતું.

# કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય






કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જૈનો માટે એક અત્યંત આદરણિય છે. તેમની જીવન ઝરમર સામાન્ય રીતે જાણીતી છે. સન ૧૦૮૯ની કારતકી પુનમના રોજ ધંધૂકા (હાલનું ખંભાત) ગુજરાતના મોઢ વણિક વેપારી ચાંગ અને પાહિણી દેવીને ત્યાં જન્મેલા અને તેમનું નામ ચાંગદેવ પાડ્યું હતું. ચાંગદેવના જન્મ પહેલા એક વાર માતા-પિતાને ધંધુકા પધારેલ આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિના દર્શન કરવાની તક મળી હતી. તેમને આશીર્વાદ આપતી વેળાએ આચાર્યશ્રીએ એક ગહન ભવિષ્યવાણી કરી. **''તમારો ભાવિ પુત્ર જૈન શાસનનો ઉદ્ધારક અને મહાપ્રભાવક પુરુષ થશે.''** જ્યારે ચાંગદેવ માત્ર ૫ વર્ષના થયા હતા ત્યારે આચાર્યશ્રી દેવચંદ્રસૂરિજી ફરીથી ધંધુકા આવ્યા હતા. પાહિણી દેવી ચાંગને લઈને તેમને નમન કરવા ઉપાશ્રયમાં ગયા ત્યારે તે રમતિયાળ બાળક હાથ છોડાવીને આચાર્યશ્રીની પાવન પાટ તરફ દોડ્યો અને તેના પર બેઠો. આનું અવલોકન કરતાં આચાર્યશ્રીએ પાહિણી દેવીને તેમના અગાઉના નિવેદનની યાદ અપાવી કે તેમનો પુત્ર એક મહાન જૈન આચાર્ય બનવા જઈ રહ્યો છે જે જૈન ધર્મનો પ્રચારક - ઉદ્ધારક બનશે. તેમણે પાહિણી દેવીને વિનંતી કરી કે આ બાળકને તેમને સોંપી દો જેથી કરીને તેને તેના તેજસ્વી ભાગ્યને પ્રાપ્ત કરવા માટે આવશ્યક શિક્ષણ આપી શકાય. થોડી આનાકાની પછી તેણીએ તેના પુત્રને આચાર્યશ્રીને સોંપી દીધો. આમ, ચાંગદેવની પવિત્ર જીવન યાત્રા શરૂ થઈ. તેમને ૯ વર્ષની ઉંમરે દીક્ષા પ્રાપ્ત થઈ અને તેમને નવું નામ આપવામાં આવ્યું સોમદેવ. સધન અભ્યાસ કર્યા પછી ૧૭ વર્ષની ઉંમરે દેવચંદ્રસૂરિજીએ તેમને એક નવું બિરુદ અને નવું નામ આપ્યું હેમચંદ્રાચાર્ય.

એક જૈન આચાર્ય તરીકે, તેઓ માત્ર તેમના યુગમાં જૈન ધર્મને પુનઃ જીવિત કરવામાં પ્રભાવશાળી ન હતા પરંતુ ગુજરાતના ઈતિહાસ પર પણ તેમનો ઊંડો પ્રભાવ હતો. તેઓ બે રાજાઓ - સિદ્ધરાજ જયસિંહ અને રાજા કુમારપાળના રાજ્યના સલાહકાર હતા જે કાળ ગુજરાતનો સુવર્ણકાળ ગણાય છે. રાજ્યકળામાં આચાર્યશ્રીનો રસ માત્ર જૈન શાસન અને જૈન સંસ્કૃતિના પ્રચાર પૂરતો જ મર્યાદિત હતો. પરંતુ તે અન્ય ધર્મોના અનુયાયીઓ માટે સંપૂર્ણ આદર ધરાવતા હતા. રાજા સિદ્ધરાજે એકવાર આચાર્યશ્રીને પૂછ્યું કે **''કયો ધર્મ વ્યક્તિને મોક્ષ તરફ લઈ જઈ શકે છે ?''** તેમણે જૈન ધર્મનો ઉલ્લેખ કરીને નહીં પણ બ્રહ્માપુરાણ ટાકીને જવાબ આપ્યો. કારણ કે તેમને ખાતરી હતી કે સાચા સાધક કે જે કોઈ એક ધર્મ પ્રત્યે પક્ષપાતી ન હોય, તેને આખરે જૈન ધર્મમાંથી જ સાચો જવાબ મળશે.

૩૦૦ વર્ષથી ગુજરાતની ઐતિહાસિક રાજધાની પાટણના રાજા સિદ્ધરાજે આચાર્યશ્રીજીને ગુજરાતી ભાષા માટે વ્યાકરણ બનાવવાની વિનંતી કરી કારણ કે તે સમયે ગુજરાતી ભાષામાં એક પણ વ્યાકરણનું પુસ્તક નહોતું. આચાર્યશ્રી સંમત થયા અને ગુજરાતી ભાષાને તેનું પ્રથમ વ્યાકરણ ગ્રંથ **''સિદ્ધહેમ શબ્દાનુશાસન''** પ્રાપ્ત થયો. ગુજરાતી ભાષા માટે વ્યાકરણ પરના મહાન કાર્યમાં ૧,૨૫,૦૦૦ પદોનો સમાવેશ થાય છે. રાજા એટલા પ્રસન્ન થયા કે ગ્રંથના પ્રકાશન માટે તેમણે એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું. જેમાં મોખરે અંબાડીમાં સિદ્ધહેમ ગ્રંથ હતો અને સાધુ સમુદાય, રાજા અને તેના સૈનિકો, વિદ્વાનો, નગરજનો, સંગીતકારો અને નર્તકીઓ શણગારેલા હાથીની પાછળ ચાલતા હતા અને અંબાડીમાં સિદ્ધહેમ ગ્રંથ હતો. માનવ ઈતિહાસમાં કોઈપણ ગ્રંથને આવો સત્કાર ક્યારેય પણ આપવામાં આવ્યો નથી.

રાજા સિદ્ધરાજને તેમના પછી ઉત્તરાધિકારી બની શકે એવો કોઈ વંશજ ન હતો, પરંતુ તેઓ તેમના ભત્રીજા કુમારપાળને રાજગાદી સોંપવા તૈયાર ન હતા. આ કારણોસર તેમણે તેમની સેનાને તેને શોધીને મારી નાખવાનો આદેશ આપ્યો. એક પ્રસંગે હેમચંદ્રાચાર્યજીએ કુમારપાળને રાજાના સૈનિકોથી આશ્રમમાં છૂપાવીને કુમારપાળનો જીવ બચાવ્યો હતો. છેવટે કુમારપાળ જ રાજગાદી પર બેઠા થોડા સમય બાદ તેમણે તેમના તારણહાર હેમચંદ્રાચાર્યજીને પોતાના ગુરુ તરીકે સ્થાપિત કર્યા. જોકે કુમારપાળ જે જન્મથી શૈવ હતા તેમણે તે વખતે જૈન ધર્મ અપનાવ્યો ન હતો. પોતાનો જીવ બચાવવા માટે રાજા કુમારપાળે હેમચંદ્રાચાર્યજીને જે કંઈ ઈચ્છા હોય તે માંગવા માટે કહ્યું. સાધુ તરીકે આચાર્યશ્રીને કોઈ સાંસારિક વસ્તુઓની જરૂર નહોતી, પરંતુ તેઓ સમાજના ઉત્કર્ષ અને કલ્યાણની ઈચ્છા ધરાવતા હતા. તેણે રાજા

પાસેથી ત્રણ વસ્તુઓ માંગી. પ્રથમ તેમણે રાજા કુમારપાળને ખોરાક, શિકાર અથવા ધાર્મિક વિધિમાં બલિદાન તરીકે પ્રાણીઓની થતી હત્યા પર પ્રતિબંધ મુકાવાની માંગણી કરી. બીજી દારૂના સેવન પર પ્રતિબંધની માંગ કરી અને છેલ્લે તેમણે જૈન ધર્મના પ્રચારમાં રાજાનો સહકાર માંગ્યો. શ્રી હેમચંદ્રાચાર્યજીના દેહત્યાગના ૯૦૦ વર્ષ પછી પણ આ ત્રણ જોગવાઈઓ આજે પણ ગુજરાતની ઓળખ છે.

પ્રાણીઓની હત્યા પર રાજાએ પ્રતિબંધ મૂક્યા પછી પ્રજાએ એનો જાહેર વિરોધ ન કર્યો પણ પાટણની અધિષ્ઠાત્રી કંટેશ્વરી માતાના રાજપુજારીઓએ છેવટે નવરાત્રના દિવસોમાં તો દેવીના કોપથી બચવા માટે પશુબલિ દ્વારા પૂજા કરવી જ જોઈએ - રાજા અને રાજ્ય ઉપર ભયાનક આપત્તિ આવી પડશે, એવો ભય બતાવી કુમારપાળને એકવાર પોતાના ફરમાન તરફ સંદેહશીલ બનાવ્યો. કુમારપાળ તો એક ક્ષત્રિય હતો, જાહેર કરેલી આજ્ઞાનો ભંગ એ શી રીતે થવા દે ? ઘણા મનોમંથન પછી છેવટે રાજા આચાર્યશ્રી પાસે સલાહ લેવા ગયા. રાજાની મૂંઝવણનો હેમચંદ્રસુરિજીએ પોતાની અદ્‌ભુત કુશળતા અને વ્યવહારિક બુધ્ધિ દ્વારા સરસ રીતે ઉકેલ કરી દીધો અને રાજા બલિપુજાના અવસરે કેટલાક પશુઓને સાથે લઈ માતા કંટેશ્વરીના મંદિરે પહોંચ્યા. તેમણે પુજારીઓને કહ્યું કે આ પશુઓ હું માતાને ચઢાવા લાવ્યો છું. હું એમને જીવતા જ માતાને હવાલે કરું છું. માતાને જેટલી જરૂર હશે તે પ્રમાણે પોતાનું ભક્ષ્ય મેળવી લેશે. તે પછી પશુઓને મંદિરમાં પુરી દીધા અને બહારથી તાળું મારી દીધું. બીજી સવારે રાજપરિવાર સાથે રાજા મંદિરે આવ્યા અને હજારો પ્રજાજનોની હાજરીમાં માતાના મંદિરના દરવાજા ઉઘાડ્યા. અંદર રાત્રે પુરેલા પશુઓ શાંતિથી પ્રાંગણમાં પોતાનું ચર્વણ કરી રહ્યા છે. માતાએ એકનું પણ ભક્ષણ ન કર્યું. આ જોઈને નગરજનો ચકિત થઈ ગયા અને રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે કંટેશ્વરી દેવીને પશુબલિની જરૂર નથી પણ પૂજારીઓને છે. માટે આજ પછી મારા રાજ્યમાં એ તેમને નહીં મળે.

જ્યારેરાજાકુમારપાળેતેમનાસલાહકારોનાઆગ્રહથીએકશિવમંદિરમાંઆચાર્યશ્રીનીહિંદુધર્મપ્રત્યેનીસમભાવનીકસોટીકરવાનોપ્રયાસ કર્યો, ત્યારે એક શીઘ્રકવિને શોભે તેમ એ જ પળે આચાર્યશ્રીએ ઉભા ઉભા જ મહાદેવસ્તોત્રની રચના કરી જેમાં એમણે કહ્યું: **''ભવના બીજને અંકુર ઉત્પન્ન કરનારા એવા રાગદ્વેષ વગેરે દોષ જેમના ક્ષય પામ્યા છે તે ગમે તો બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, શિવ હોય અથવા જિન હોય તેને નમસ્કાર કરીએ છીએ.''** આ સ્પષ્ટ પ્રતિભાવે હેમચંદ્રસૂરિજીની ઉચિતતા અંગે રાજાની તમામ શંકાઓ દૂર કરી તે પછી થોડા સમય બાદ રાજા કુમારપાળ ધર્મ પરિવર્તન કરીને જૈન બન્યા.

તેમના જીવનકાળમાં, હેમચંદ્રસૂરિજીએ સાડાત્રણ કરોડ શ્લોકો રચ્યા હોવાનું કહેવાય છે, સાહિત્યમાં તેમનું યોગદાન ઘણા બધા ક્ષેત્રોને આવરી લે છે જેવા કે દર્શન, યોગ, વ્યાકરણ, ન્યાય, તર્કશાસ્ત્ર, જીવનચરિત્રો, કાવ્યો, છંદ અને નાટકના નિયમો ઉપરાંત વિવિધ પ્રકારના શબ્દકોશો વગેરે.

આચાર્ય હેમચંદ્રસૂરિજીએ જે લખ્યું છે તેમાંથી ઘણું બધું ખોવાઈ ગયું છે તે જૈન સમુદાય પર દુઃખની વાત છે. જે ગ્રંથો સાચવવામાં આવ્યા છે તેમાં તેમનું યોગશાસ્ત્ર (૧૨૭૫૦ શ્લોક), કાવ્યાનુશાસન (૬૮૦૦ શ્લોક), છંદોનુસાશન (૩૦૦૦ શ્લોક), અભિધાનચિંતામણિ કોશ (૧૦૦૦૦ શ્લોકોનો શબ્દકોશ), અનેકાર્થ સંગ્રહ (૧૮૨૮ શ્લોક), દેશીનામમાળા (૩૫૦૦ શ્લોક) અને ત્રિષષ્ટ શલાકા પુરુષ ચરિત (૩૨૦૦૦ શ્લોકો) સૌથી વધુ આદર પામેલ છે. વિવિધ પશ્ચિમી વિદ્વાનોએ આચાર્યશ્રીની મહત્વપૂર્ણ કૃતિઓ જેમ કે હેલેન જોહન્સન દ્વારા ત્રિષષ્ઠ શલાકા પુરુષ અને ઓલે કુર્નસ્ટ્રોમ દ્વારા યોગશાસ્ત્રના અંગ્રેજી અનુવાદ તૈયાર કર્યા છે પરંતુ ૨૧મી સદીના ભારતના જૈન જગતમાં આ વિશાળકાય વિશે ઘણું લખાયું નથી.

તે સમયના ધાર્મિક નેતાઓ અને વિદ્વાનોએ તેમને સન્માનિત કલીકાલસર્વજ્ઞનું બિરુદ આપીને તેમનું ભવ્ય સન્માન કર્યું હતું. પશ્ચિમના દેશોના વિદ્વાનોએ તેમને જ્ઞાનના મહાસાગર તરીકે વર્ણવ્યા છે. જર્મનીના જોહાન જ્યોર્જ બુહલર (૧૮૩૭-૧૮૯૮) પ્રાચીન ભારતીય ભાષાઓના જાણકારે આચર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીનું જીવનચરિત્ર ૧૮૮૯માં એક જર્મન સામયિકમાં પ્રકાશિત કર્યું. શ્રી મોતીચંદ કાપડિયાએ તે પછી એક જર્મન મહિલાની મદદથી તેનો અંગ્રેજીમાં અનુવાદ કરાવ્યો. તે ટાઈપ કરેલી નકલ લાંબા સમય સુધી શ્રી મોતીચંદજી પાસે રહી અને બાદમાં તેમણે ભારતની સ્વતંત્રતા ચળવળમાં ભાગ લેવા બદલ અંગ્રેજ સરકાર દ્વારા અપાયેલ જેલવાસ દરમિયાન તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો. આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીનું ૭૪ વર્ષની વયે અવસાન થયું. તેમના પ્રિય શિષ્ય, રાજા કુમારપાળે થોડા મહિનાઓ પછી તેમનું અનુસરણ કર્યું.

સન ૧૯૩૯માં ૧૪મી ગુજરાતી સાહિત્ય પરિષદનું પાટણમાં શ્રી કનૈયાલાલ મુનશીની અધ્યક્ષતામાં **''શ્રી હેમ શાશ્વત સત્ર''**નામની ત્રણ દિવસની પરિષદ યોજાઈ હતી. એ સંમેલનમાં મુનિ પુણ્યવિજયજી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, શ્રી જ્યોતિન્દ્ર દવે, અને કાકા કાલેલકર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**ક્રમશઃ**

દિલીપ વી. શાહ
ફિલાડેલ્ફિયા યુ.એસ.એ.

# શ્રી સમ્મેતશિખરજી યાત્રાનો યાત્રિક પ્રતિભાવ

લગભગ ૫૭૫ યાત્રિકોને આ પવિત્ર યાત્રા કરાવવી અને એ પણ પ્લેનમાં. શું આ શક્ય છે ? છતાં પણ 'અશક્યને શક્ય કરવાની તાકાત, માત્ર ને માત્ર આપણા આ પાટણ જૈન મંડળમાંજ છે. ધન્ય છે આપણા મંડળને.. અને તેમાંય સિનિયર સિટીઝન સાથેની આ યાદગાર યાત્રા પ્રવાસ, આપણા આટલા વર્ષોના રેકોર્ડમાં સોનેરી આક્ષરમાં લખાશે. કારણ કે આપણું આ મંડળ પણ સબકા સાથ, સબકા વિકાસ તથા સબકા વિશ્વાસના સિદ્ધાંત ઉપર ચાલે છે.' વડીલોના તથા શુભેચ્છકોના આશીર્વાદ તથા તેમની દીર્ઘ તથા અમી દ્રષ્ટી હંમેશા આપણા સર્વ ઉપર છે, હતી અને રહેશે તેનો આપણને સર્વને વિશ્વાસ છે.

આ યાત્રા પ્રવાસમાં આપણામાંથી કોઈને જરાપણ તકલીફ ન પડે તેનું સતત્ ધ્યાન આપણી આ કમીટીએ રાખ્યું છે. આટલી સરસ સગવડતા આપણે, આપણા ઘરના પ્રસંગમાં પણ નથી આપી શકતા. પરંતુ આપણા મંડળે આપણને ધાર્યા કરતા વધારે તથા માગ્યા કરતા વધુ સગવડો આપેલ છે અને આપણા આ ડોનર્સની એક ખાસ ખાસિયત એ છે કે, તેઓ માત્ર દાન આપીને છૂટી નથી જતાં, પણ આપેલ દાનની સાથે સાથે સમય તથા સાથે રહેવાનો અહેસાસ કરાવે છે.

નીત નીત, નવી નવી અને વધુ ને વધુ વાનગી પીરસવી, સરસમાં સરસ હોટલમાં ઉતારો આપવો, સમયસર એસી બસની સ્ટાર્ટ ટુ એન્ડ સુધીની સગવડ આપવી. ૬ થી ૭ મહિના પહેલેથીજ પ્લેનમાં જવા તથા આવવાની કન્ફર્મ ટીકીટ બુક કરાવવી એ નાની-સૂની વાત નથી. આ બધા માટે સતત મહેનત, લગન, લક્ષ, લાગણી તથા ઉચ્ચ ભાવના હોવી જરૂરી છે. જે માત્ર આપણા મંડળને તથા દરેકે દરેક કાર્યકર્તાને આભારી છે. એમ કહેવાય છે કે Unity is the Best policy & It greats the History.

જીગરભાઈને વર્ષી તપનું 'તપ' ચાલતું હોવા છતાં પણ પોતાના પાટણના તમામ પરિવાર માટે હંમેશા હસતા મુખે સમાજને સેવા આપે છે જે આપણા માટે ગૌરવની વાત છે. સર્વે ડોનર્સની સર્વે કમિટી મેમ્બર્સની, સર્વે કાર્યકર્તાઓની તથા શુભચિંતકોની ભુરી ભુરી અનુમોદના.

માનનીય શ્રી દાનેશભાઈનું યોગ્ય તથા માર્ગદર્શન આપણા સમાજની પ્રગતિ માટેના નવા નવા દ્વાર ખોલે છે અને તેમને દરેકે દરેક કમીટી મેમ્બર્સનો જબરજસ્ત સાથ તથા સહકાર મળે છે તેથીજ આપણા દરેકે દરેક પ્રોગ્રામ સકસેસ થાય છે. તેમનો મહામંત્ર છે 'મારો સમાજ મારો પરિવાર.'

**P = Perfect**
**A = Always**
**T = Transprancy**
**A = Amazing**
**N = Net Working**

અને છેલ્લે આપણા સર્વેનું આ વર્ષ મહા મંગલકારી તથા મહા કલ્યાણકારી બને તથા આપણા સર્વેના કાર્યો સિદ્ધ થાય. સર્વેના તન-મન તથા ધન સારા રહે તેવીજ શુભ ભાવના ભાવતા.

શ્રી સમેત શિખરજીના યાત્રિકો વતી **આર. કે. શાહના** જય જિનેન્દ્ર તથા પ્રણામ.

**(શ્રી સમ્મેતશિખરજીના પ્રતિભાવ હવે પછી લેવામાં નહીં આવે)**


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત**

## શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

**ટાંગડિયા વાડો, પાટણ– ૩૮૪૨૬૫ • ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩**

**અન્નદાન.... પુણ્ય મહાન**

**ભુખ્યાને ભોજન... તરસ્યાને જલપાન**

**દૈનિક માત્ર રૂા. ૫૦૦૦/-નું દાન આપી**

**મેળવો ત્રણ ત્રણ લાભ**

❂ સાધુ સાધ્વીજી ભગવંતોને સુપાત્ર દાન ❂ સાધર્મિક ભક્તિ ❂ મુમુક્ષુ ભક્તિનો લાભ

તો આવો જોડાઓ, ભોજનશાળાની નૂતન યોજનામાં સહભાગી બની આપના ઘરમાં આવતા દરેક પ્રસંગોને એક સંભારણું બનાવીએ.

વધુ વિગત માટે સંપર્ક : શ્રી ધર્મેશભાઇ જશવંતલાલ શાહ - મો. ૯૮૨૧૦૩૫૦૧૧

સૌજન્ય: મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ., મુંબઈ ❋ મે. કે. સેવંતીલાલ એન્ડ કં., મુંબઈ

ADVT

# સંસ્થા સમાચાર

## પાટણનું આ સાયન્સ સેન્ટર આજે સૌથી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે

પાટણ આજે જેના માટે ગૌરવ લઈ શકે તેવું **રીજીયોનલ સાયન્સ સેન્ટર** અને ડાયનાસોરપાર્ક પાટણ શિહોરી રોડ ઉપર આકાર પામેલ છે. આ સેન્ટરની અત્યાર સુધી ૯૩૪૬૫૪ જેટલા શાળાના વિદ્યાર્થીઓ મુલાકાતીઓએ વિઝિટ કરી, આ અદ્‌ભુત સેન્ટરને નિહાળવાનો રેકોર્ડ કરેલ છે.

આ સેન્ટરમાં આજે **''સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (એસ.કે. ટ્રસ્ટ) મુંબઈ. હસ્તે : પ્રફુલભાઈ કાંતિલાલ શાહ તરફથી સ્માર્ટ ક્લાસનું દાન કરવામાં આવેલ. આ સ્માર્ટ ક્લાસના અર્પણવિધિ પ્રસંગે દાતા શ્રી પ્રફુલભાઈ શાહ, આ સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. સુમિતભાઈ શાસ્ત્રી, શ્રી હર્ષદભાઈ ખમાર, શ્રી અશોકભાઈ વ્યાસ, શ્રી રાજ મહારાજા સહિત પ્રફુલભાઈ શાહ પરિવારના શ્રી પ્રવિણભાઈ શાહ અને શ્રીમતી સુધાબેન શાહ ઉપસ્થિત રહ્યા હતા.** આ પ્રસંગે **ડૉ. સુમિતભાઈ શાસ્ત્રીએ** આ સાયન્સ સેન્ટર વિશે વિગતે માહિતી આપી હતી.

રાજ્યમાં શરૂ થયેલ આ પ્રકારના સાયન્સ સેન્ટરોમાં પાટણ સેન્ટરમાં સૌથી વધારે મુલાકાતીઓ આવ્યા હોવાનું તેમણે જણાવેલ. આ સેન્ટર પાટણની વર્લ્ડ હેરીટેઝ રાણકીવાવ સાથે પાટણનું એક સૌથી વિશેષ આકર્ષણ બન્યુ હોવાનું પણ તેમણે જણાવેલ. ડાયરેક્ટર **ડૉ. સુમિત શાસ્ત્રીએ એસ.કે. પરિવાર અને પ્રફુલભાઈનો સ્માર્ટ ક્લાસનું દાન આપવા બદલ આભાર માન્યો હતો.**

આ પ્રસંગે સાયન્સ સેન્ટરના ફેસિલીટી મેનેજર જીત પટેલ, મેન્ટેન્સ મેનેજર હરેશ પટેલ, કોમ્યુનિકેશન મેનેજર ઉજ્જવલકુમાર, ટેક્નીકલ આસિસ્ટન્ટ જનક તપોધને પણ હાજર રહી પૂરક માહિતી પુરી પાડેલ હતી.






## પાટણમાં બધા દેરાસરોનું જયણાપૂર્વક શુદ્ધિકરણ કરવાનું ભવ્ય આયોજન

પૂજ્ય પન્યાસ, સમકક્ષ આચાર્ય ભગવંત શ્રી ચંદ્રશેખર વિજયજીના શિષ્ય પૂજ્ય જયભુષણ વિજયજી મ.સા. ભારતના બધા દેરાસરોનું જયણા પૂર્વક કામ **''વંદે શાસનમ ગ્રુપ''ના** યુવાનોને સોંપ્યુ છે. આ ગ્રુપના લગભગ ૨૦૦ યુવાનો દેરાસરનું શુદ્ધિકરણ કરવા પાટણ તા. ૧ અને ૨ જુન ૨૦૨૪ના આવવાના છે તે પછી જરૂર પડશે તે પ્રમાણે પાટણ આવશે.

આ શુદ્ધિકરણ જયણા પૂર્વક આખા દેરાસરનું કરવામાં આવે છે, દેરાસરમાં છેક નીચેથી ઉપર શિખર સુધી રંગ મંડપ, ગભારા વગેરે, બધાજ પ્રતિમાજીની સફાઈ, વાસણો પણ સાફ કરવામાં આવે છે.

આ કામ કરાવવા આપણે એક પણ પૈસા આપવાના નથી. યુવાનોને પાટણમાં રહેવાનો, ખાવા-પીવાનો, બધી વસ્તુઓ લાવવાનો ખર્ચો તેમની સંસ્થા સંભાળી લે છે આપણી ભાવના છે કે પાટણના બધા દેરાસરોનું જયણાપૂર્વક શુદ્ધિકરણ થઈ જાય. આ કામ કરાવવા માટે મહોલ્લાના ટ્રસ્ટી કે વહીવટકર્તાએ વંદે શાસનમ સંસ્થાને પોતાના મહોલ્લાના દેરાસરોનું શુદ્ધિકરણ કરવા સંમતી આપવાની છે. સંમતી પત્ર દીપકભાઈ પ્રજાપતી મો. ૯૮૨૪૪૩૪૫૯૨ વોટ્સએપ કરવું. યોગ્ય વ્યવસ્થા થશે.

સંમતીપત્ર નીચે પ્રમાણે લખવાના રહેશે.

મહોલ્લાનું નામ - આ સંમતી પત્ર વંદે શાસનમ ગ્રુપ ઉપર લખવાનો છે. અમારા મહોલ્લાના દેરાસરોમાં જ જયણાપૂર્વક શુદ્ધિકરણ તમારી અનુકુળતા પ્રમાણે કરવા વિનંતી કરીએ છીએ, આ કાગળ લેટર હેડ ઉપર લખવો. ટ્રસ્ટી અથવા વહીવટ કર્તાઓએ સહી કરવી જરૂરી છે.

## વાસુ ભારતી ઝવેરી ટ્રસ્ટ દ્વારા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ૨ (બે) સીટ નીચે જણાવેલ વિગત પ્રમાણે ઉપલબ્ધ છે.

**વિદ્યાર્થી માટે**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

૧ લે માળે, સી.ડી. બરફીવાલા રોડ, મહાવીર ચોક, જુહૂ લેન,અંધેરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૫૮.

**વિદ્યાર્થીની માટે**

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**

હીરાબા કન્યા છાત્રાલય, આર.વી. દેસાઈ રોડ, પ્રતાપનગર, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૦૪

આપણા સમાજના જરૂરિયાતમંદ જૈન વિદ્યાર્થી / વિદ્યાર્થીની એ નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવો.

**શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી C/o. શ્રી રમેશભાઈ બગડિયા મો. : ૯૮૩૩૯૭૮૯૩૮**

## ભુલ સુધાર - માર્ચ ૨૦૨૪ પ્રતિબિંબ

**પાના નં. ૧૦ :-**

✻ રૂા. ૨ લાખ મેડિકલ/શિક્ષણ સહાય ભેટ શ્રીમતી જસ્મીનબેન જીજ્ઞેશભાઈ ચીનુભાઈ શાહ નામ સુધારીને વાચવું

**પાના નં. ૩૪ :-** **Saurabh Medical Healthcare**

**GASTROENTEROLOGY**

✻ Shri. Jatinbhai Bhagwandas Shah (Khetarvasi) 25 Lc
Haste: Smt. Ninaben Jatinbhai Shah નામ સુધારીને વાચવું


માર્ચ - ૨૦૨૪, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩

મુંબઈ કાર્યાલયઃ- ૪૧૦, રોક્સી ચેમ્બર, (જ્વેલ બિલ્ડીંગ), ચોથે માળે, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭

મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬

| | |
|---|---|
| શ્રી અમિતભાઈ બિપીનચંદ્ર સાલવી (સાલવી વાડો, અંધેરી) સ્વ. શ્રીમતી દમયંતિબેન બિપીનચંદ્ર સાલવી તથા સ્વ. શ્રી બિપીનચંદ્ર લહેરચંદ સાલવીના સ્મરણાર્થે | ૫,૦૦,૦૦૧ |
| શ્રી પાર્શ્વનાથ શ્વે. મુ. જૈન સંઘ (MTNL, S.V. Road, Kandivali) | ૧,૫૨,૦૦૦ |
| સ્વ. શ્રી શીરીષભાઈ મફતલાલ ઝવેરીના સ્મરણાર્થે(કોકાનો પાડો) હ. વિલાસબેન, જીગીશભાઈ સંજયભાઈ, સ્વ તુષારભાઈ | ૧,૦૧,૦૦૦ |
| શ્રીમતી દિપ્તીબેન જયેશભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો) હ. મરીનડ્રાઈવના મિત્રો તરફથી (દિપ્તીબેનના બર્થડે નિમિત્તે) | ૧,૦૧,૦૦૦ |
| સ્વ. શ્રી જીવણલાલ નાથાલાલ ખાંડવાલાના સ્મરણાર્થે હ. શ્રી પરેશભાઈ ખાંડવાલા (કેશુશેઠનો પાડો) | ૧,૦૦,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૭૫,૦૦૦ |
| શ્રી વિલેપાર્લા શ્વે. મુ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ (વિલેપાર્લા) | ૭૫,૦૦૦ |
| શ્રી કંપાણી ચેરીટેબલ ટ્રસ્ટ (પ્રભાદેવી, મુંબઈ) | ૭૨,૦૦૦ |
| શ્રીમતી રક્ષાબેન ચેતનભાઈની બર્થડે નિમિત્તે | ૫૧,૦૦૦ |
| શ્રી રાકેશભાઈ શશિકાંત શાહ (પોળની શેરી, અંધેરી) | ૫૧,૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (ભાવનગર) | ૫૦,૦૦૦ |
| શ્રી મણિલાલ ગાબરદાસ પટેલ (પાટણ) | ૫૦,૦૦૦ |
| M/s. C.J. Shah & Co. Mumbai | ૩૭,૦૦૦ |
| શ્રી ફોર્ટ તપાગચ્છ શ્વે. મુ. જૈન સંઘ (ફોર્ટ, મુંબઈ) | ૩૧,૦૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ શાહ (કપુર મહેતાનો પાડો) શ્રી અક્ષયભાઈ નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે | ૩૧,૦૦૦ |
| શ્રી વિનીતધર્માશ્રીજી મા.સા.ની દિક્ષા તિથિના ૨૫ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે તેમના પરિવાર તરફથી (ગોરગામ) | ૨૨,૨૦૦ |
| શ્રીમતી કલ્પનાબેન બીરેનભાઈ શાહ (કપુરમહેતાનો પાડો) (મહેન્દ્રભાઈ જેશંગલાલ રામચંદ્ર શાહના સ્મરણાર્થે) | ૨૧,૦૦૦ |
| શ્રીમતી બિનીતાબેન તુષારભાઈ શાહ (મરીનડ્રાઈ) | ૨૦,૧૪૦ |
| શ્રી ઝવેરી મહાજન મોતીનો કાંટો (કાલબાદેવી, મુંબઈ) | ૧૮,૦૦૦ |
| શ્રી ભરતભાઈ અંબાલાલ શાહ (અમદાવાદ) (ડૉ. ભુપેન્દ્રભાઈ અંબાલાલ શાહના આત્મશ્રેયાર્થે) | ૧૬,૦૦૦ |
| શ્રી ચંદ્રેશભાઈ એ. શાહ (અંધેરી) | ૧૫,૧૧૧ |
| શ્રી દિલીપભાઈ નવિનચંદ્ર પરીખ (કનાસાનો પાડો) | ૧૫,૦૦૦ |
| શ્રી પાર્થ અને જીનશ્રીની લગ્નતિથી નિમિત્તે (ઢંઢેરવાડો) | ૧૫,૦૦૦ |
| શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો,બોરીવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વે. મુ. મહીમા જૈન સંઘ (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી ભરતભાઈ વેલાણી તથા શ્રીમતી વીમળાબેન બચુભાઈ વેલાણીના આત્મશ્રેયાર્થે, શ્રી ખીમાણા જૈન સંઘ (બનાસકાઠા) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી છગનીબેન નેમીચંદજી મુથા રીલીજીયસ ટ્રસ્ટ (વાલકેશ્વર) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી નિરંજનાબેન નલીનકાંત શાહ (મરીનડ્રાઈવ) | ૧૧,૦૦૦ |
| શ્રી બોરીવલી જૈન શ્વે. મુ. સંઘ, (મંડપેશ્વર રોડ, બોરીવલી) | ૧૧,૦૦૦ |
| શ્રી જસ નિમેશભાઈ સાલવી (અંધેરી) | ૧૧,૦૦૦ |
| શ્રી નવરંગપુરા જૈન સંઘ (અમદાવાદ) | ૧૧,૦૦૦ |
| શ્રી કાંતિલાલ જે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (આણંદ) | ૧૦,૦૦૦ |
| શ્રી શ્વે.મુ. જૈન સંઘ જગડુશા નગર (ઘાટકોપર વેસ્ટ) | ૧૦,૦૦૦ |
| શ્રી દેવભાઈ દિપેનભાઈ ઝવેરી (વિલેપાર્લા) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે ADVT

## Join Us in Uplifting the Jain Community of Patan in the United States of America

We are thrilled to announce a significant update regarding Shri Patan Jain Mandal of the USA NFP which has been officially recognized and granted 501(c)(3) tax-exempt, non-profit status by the Internal Revenue Service (IRS) of the United States federal government in 2024 with Tax ID #96-0622442. To operationalize our mission effectively, we are envisioning city-based chapters across the United States. These chapters will serve as pillars of our organization, facilitating local events, outreach efforts, and community initiatives. Each chapter will be empowered by dedicated volunteers and supported by our Board of Directors.

Here's where you come in. We need your help to reach out to your family and friends currently residing in the US. Encourage them to join our cause, become members of their local chapters, and actively participate in shaping the future of our community. Together, we can build a network of support and empowerment that spans across the nation. By joining Shri Patan Jain Mandal of the USA NFP, you'll have the opportunity to contribute to meaningful projects, engage in impactful events, and connect with like-minded individuals who share your passion for community development.

To take action and become a part of this transformative journey, visit our website at https://patanjainusa.org/ and complete the membership enrollment process. Should you have any questions or require further information, feel free to contact us directly via email at patanjainusa@gmail.com or phone at +1 (630) 802-6566.

Together, let's build a stronger, more vibrant community that empowers and enriches the lives of all connected with Patan.

શ્રી પાટણ જૈન મંડળ (USA NFP) સંબંધિત એક મહત્વપૂર્ણ અપડેટની જાહેરાત કરીએ છીએ, જેને યુનાઈટેડની આંતરિક મહેસૂલ સેવા (IRS) દ્વારા સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે. અને (501(C)(3) કર-મુક્તિ, બિન-લાભકારી દરજ્જો આપવામાં આવ્યો છે. ટેક્સ ID#96-0622442 સાથે અમારા મિશનને અસરકારક રીતે ચલાવવા માટે અમે સમગ્ર USAમાં શહેર-આધારિત ચેપ્ટરો શરૂ કરવા વિચારી રહ્યા છીએ. જેમાં સશક્ત સ્વયંસેવકો દ્વારા સ્થાનિક ઈવેન્ટ્સ ગેટ-ટુ-ગેધર વગેરે યોજાશે. તમારા પરિવાર અને હાલમાં USAમાં રહેતા મિત્રો સુધી પહોંચવા માટે અમને તમારી મદદની જરૂર છે તમને અમારા ઉદ્દેશમાં જોડાવા પ્રોત્સાહિત કરો. આપણે સાથે મળીને મજબુત નેટવર્ક બનાવી દરેક પરિવાર સુધી પહોંચાવા પ્રયત્નશીલ રહીશું.

શ્રી પાટણ જૈન મંડળ  મા જોડાવાથી તમને અર્થપૂર્ણ પ્રોજેક્ટમાં યોગદાન આપવાની, પ્રભાવશાળી ઈનેન્ટ્સમાં સામેલ થવાની અને સમાન વિચારધારા ધરાવતા વ્યક્તિઓ સાથે જોડાવા માટે તક મળશે. આપણી આ સંસ્થાનો ભાગ બનવા માટે https://patanjainsusa.org પર અમારી વેબસાઈટની મુલાકાત લો.

સભ્યપદ નોંધણી અથવા અન્ય પ્રશ્નો અથવા વધુ માહિતી માટે તો patanjainsusa@gmail.com પર ઈમેલ દ્વારા અથવા +1(630)802-6566 પર ફોન દ્વારા સીધો અમારો સંપર્ક કરો.

**ચાલો સાથે મળીને એક મજબૂત, વધુ ગતિશીલ સમુદાયનું નિર્માણ કરીએ જે પાટણ સાથે જોડાયેલા તમામ લોકોના જીવનને સમૃદ્ધ બનાવે.**

## SHREE PATAN JAIN MANDAL
**Managed**
## SUARABH MEDICAL HEALTH CARE

### *FREE CARDIAC SCREENING AND ORTHOPAEDIC MEDICAL CHECK UP CAMP ON FRIDAY, 10TH MAY 2024 FROM 10 AM TO 5 PM*

**CARDIAC SCREENING: (50 Patients)**

- ❒ **Cardiologist Consultation**
- ❒ **ECG & 2D ECHO test (as per doctor's recommendation)**

**ORTHOPAEDIC SCREENING: (50 Patients)**

- ❒ **Orthopaedic Consultation**
- ❒ **X-Ray test (as per doctor's recommendation)**

**REGISTRATION FEES RS. 50/- (REFUNDABLE) FOR ONLY 100 PATIENTS**

**Required sponsors for above Free Medical Camp**

Total cost- Rs. 1 Lac (Approx.) Looking to celebrate Birthday / Marriage Anniversary / Auspicious day of family members.

**ADDRESS:**

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, S.V. Road, Opp. Goregaon Police Station, Goregaon (West), Mumbai-400104. Contact: Tel: 022-31774129 & Mob: 8369844115

# ''જીવન નિર્વાહ સહાય, સમાજ ઉત્કર્ષ સહાય, મેડિકલ સેન્ટર તથા સ્કુલ પ્રોજેક્ટ યોજનામાં ૧૧ લાખથી કે તેથી વધુ રકમનું દાન નોંધાવનાર દાતાશ્રીઓ''



શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢેઢેરવાડો)



શ્રી દીપકભાઈ રેવંતિલાલ શાહ
(કનાસાનો પાડો)



શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ
(માટલીવાલા)(કનાસાનો પાડો)



શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ
(કુંભારીયા પાડો)



શ્રીમતી નીલાબેન અશોકભાઈ શાહ
(કનાસાનો પાડો)




શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ
(પોળની શેરી)



શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ શાહ
(મારફતિયા મહેતાનો પાડો)



શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રી મહેન્દ્રભાઈ દેવચંદભાઈ સાંડેસરા
(કેશુશેઠનો પાડો)



શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
(સાલવી વાડો)



શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ
(કુંભારીયા પાડો)

# ''સૌરભ મેડિકલ હેલ્થકેરમાં દાન નોંધાવનાર મુખ્ય દાતાશ્રીઓ''



શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ
(ચિતારાની ખડકી)



શ્રી હસમુખલાલ મહાસુખલાલ શાહ
(અબજી મહેતાનો પાડો)



શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ
(અબજી મહેતાનો પાડો)




શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર શાહ
(ઝવેરીવાડો)



શ્રીમતી જ્યોત્સનાબેન મહેન્દ્રભાઈ શાહ
(કપુરમહેતાનો પાડો)



શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
(પોળની શેરી)



બા.સા. પનાલાલ પુનમચંદ
(ખજૂરીનો પાડો)



બા.સા. નાનકચંદજી પુરણચંદજી
(ખજૂરીનો પાડો)



બા.સા. જીવણલાલ પનાલાલ
(ખજૂરીનો પાડો)



શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી
(મનમોહનજીની શેરી)



શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર શાહ
(શામળાજીની શેરી)

## ''સૌરભ મેડિકલ હેલ્થકેરમાં દાન નોંધાવનાર મુખ્ય દાતાશ્રીઓ''



શ્રીમતી કિન્નરીબેન દિપકકુમાર શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રીમતી નીનાબેન જતીનભાઈ શાહ
(ખેતરવસી)



શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા
(કેશુશેઠનો પાડો)



શ્રી દીપકભાઈ સેવંતીલાલ પટણી
(મનમોહનજીની શેરી)

## સાભાર સ્વીકાર

**શિક્ષણ સહાય ભેટ :**

૧,૫૦,૦૦૦/- શ્રીમતી લિનાબેન નિગ્નેશભાઈ બાબુલાલ શાહ હ. સ્મીરલ વિરાજ, નૈશલ-આરના, ઈનાયા (કનાસાનો પાડો)

૫૧,૦૦૦/- શ્રી સોનીરભાઈ મહેન્દ્રભાઈ સાંડેસરા (કેશુશેઠનો પાડો)

૫૦,૦૦૦/- સ્વ. શ્રીમતી વિણાબેન વાલ્મિકભાઈ મણિયારના સ્મરણાર્થે હ. શ્રી દ્રુપલ વાલ્મિકભાઈ મણિયાર (ચોધરીની શેરી)

**વૃદ્ધજન સહાય ભેટ :**

૧૧,૦૦૦/- સ્વ. શ્રીમતી ભારતીબેન મનહરલાલ સાંડેસરા હ. શ્રી સંજયભાઈ મનહરલાલ સાંડેસરા (અબજી મહેતાનો પાડો)







# સાભાર સ્વીકાર

**સૌરભ મેડિકલ હેલ્થ કેર ભેટ :**

૧,૬૫,૦૦,૦૦૦/- શ્રીમતી અરૂણાબેન બાબુલાલ શાહ (વખતજીની શેરી)
૭૫,૦૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી (સાલવી વાડો)
૫૦,૦૦,૦૦૦/- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૩૬,૦૦,૦૦૦/- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ (ચિતારાની ખડકી)
૨૧,૦૦,૦૦૦/- શ્રીમતી શિલ્પાબેન પ્રકાશભાઈ શાહ તથા શ્રીમતી પુષ્પાબેન હસમુખલાલ શાહ પરિવાર (અબજી મહેતાનો પાડો)
૮,૨૫,૦૦૦/- શ્રીમતી કીન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૮,૦૦,૦૦૦/- શ્રીમતી ભાનુબેન સુરેશચંદ્ર હિમતલાલ શાહ (શામળાજીની શેરી)
૭,૦૦,૦૦૦/- શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરુચંદ શાહ (ઝવેરીવાડો)
૫,૦૦,૦૦૦/- શ્રી દીપકભાઈ સેવંતીલાલ પટણી (મનમોહનજીની શેરી)
૨,૦૦,૦૦૦/- શ્રીમતી સ્મિતાબેન અરવિંદભાઈ ચીમનલાલ શાહ (પંચોટીનો પાડો)
૨,૦૦,૦૦૦/- શ્રીમતી શાંતાબેન કાંતિલાલ શાહ શ્રી કાંતિલાલ વાડીલાલ શાહ (લીમડીનો પાડો) હ. શ્રી જીતેન્દ્રભાઈ કાંતિલાલ શાહ

**નૂતન પ્રાથમિક શાળા પ્રોજેક્ટ ભેટ :**

૧૫,૦૦,૦૦૦/- શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ (કપુરમહેતાનો પાડો)
૫,૫૦,૦૦૦/- શ્રી હસમુખભાઈ ગડેચા હ. ગૌરવભાઈ હસમુખભાઈ ગડેચા
૨,૦૦,૦૦૦/- શ્રીમતી હર્ષાબેન ભરતભાઈ શાહ (કુંભારીયા પાડો)
૨,૦૦,૦૦૦/- શ્રીમતી પ્રવિણાબેન ચીનુભાઈ શાહ (ખેતરવસી)
૧,૫૦,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ (ભાભાનો પાડો)
૧,૦૦,૦૦૦/- શ્રીમતી કેતકીબેન કૌશિકભાઈ શાહ (કનાસાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૫૧,૦૦૦/- શ્રી અમદાવાદ દશા પોરવાળ સંઘ
૫૧,૦૦૦/- શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ વર્ષીતપ પુર્ણાહુતીની ખુશાલીમાં (ખજુરીનો પાડો)
૧૧,૦૦૦/- શ્રીમતી મંજુલાબેન મોતીચંદ શાહ તથા શ્રીમતી કામીનીબેન પંકજભાઈ શાહ
૧૧,૦૦૦/- શ્રી જશ નિમીષભાઈ સાલવી (સાલવી વાડો)

**મેડિકલ સહાય ભેટ :**

૨,૫૦,૦૦૨/- સ્વ. શ્રી બિપીનભાઈ લહેરચંદ સાલવી હ. શ્રી અમિતભાઈ બિપીનભાઈ સાલવી (સાલવી વાડો)
૨,૦૧,૦૦૦/- શ્રીમતી મીનાબેન નિખીલભાઈ શાહ વર્ષીતપ પુર્ણાહુતીની ખુશાલીમાં (ખજુરીનો પાડો)
૧૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન હસમુખભાઈ શાહની ફાગણ સુદ ૧૦ના ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે હ. હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજી મહેતાનો પાડો)

**મેડિકલ / શિક્ષણ સહાય ભેટ :**

૨,૦૦,૦૦૦/- શ્રીમતી જસ્મીનબેન જીજ્ઞેશભાઈ (મણિયાતી પાડો)
૫૧,૦૦૦/- શ્રી રાજેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો)

**આર્થિક સહાય ભેટ :**

૨,૫૦,૦૦૨/- સ્વ. શ્રીમતી દમયંતિબેન બિપીનભાઈ સાલવી હ. શ્રી અમિતભાઈ બિપીનભાઈ સાલવી (સાલવી વાડો)

**સમાજ ઉત્કર્ષ / મેડિકલ સેન્ટર / જીવન નિર્વાહ / વિકલાંગ ઉત્કર્ષ ભેટ :**

૩,૨૫,૦૦૦/- વાડીલાલ ચુનીલાલ ચેરીટી ટ્રસ્ટ હ. શ્રીમતી જયશ્રીબેન પ્રદીપભાઈ શાહ (મનમોહનજીની શેરી)
૩૧,૦૦૦/- સ્વ. શ્રીમતી પદમાબેન પ્રેમચંદ શાહની સ્મૃતિમાં હ. શ્રી પ્રેમચંદ નાથાલાલ શાહ પરિવાર (વસાવાડો)

**શિક્ષણ સહાય ભેટ :**

૧,૨૫,૦૦૦/- શ્રી મિલીનભાઈ શૈલેષભાઈ શાહ જન્મદિનની ખુશાલી નિમિત્તે (વાસુપૂજ્યની શેરી)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | કીર્તિકુમાર ચીમનલાલ શાહ | ૮૪ | બોરીવલી | ૨૧-૦૩-૨૪ | ફાગણ સુદ ૧૨ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | મહેન્દ્રભાઈ મફતલાલ શાહ | ૭૨ | સુરત | ૨૯-૦૩-૨૪ | ફાગણ વદ ૦૪ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | શર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૮ | વિલેપાર્લા | ૦૫-૦૪-૨૪ | ફાગણ વદ ૧૧ |
| વિશા શ્રીમાળી | તંબોલીવાડો | દેવેન્દ્રભાઈ નાનકચંદ શાહ | ૮૯ | વાલકેશ્વર | ૧૦-૦૪-૨૪ | ચૈત્ર સુદ ૦૨ |
| સાંડેસરા | કસુંબિયા વાડો | મુકેશભાઈ શાંતિલાલ શાહ | ૬૪ | બોરીવલી | ૧૪-૦૪-૨૪ | ચૈત્ર સુદ ૦૬ |

ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

Postal Regd. No. MCS / O84 / 2021-23 W.P.P. License No. MR/TECH/WPP-120/South/2021-23.
PATAN PRATIBIMB • April 2024 • PRICE Rs. 2/- • Published on 20th of every month
• Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## જીવન નિર્વાહ સહાય યોજના

**રૂા. ૩૧ લાખના મુખ્ય દાતા**

૧. શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ (ઢંઢેરવાડો)

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ (માટલીવાળા) પરિવાર (કનાસાનો પાડો)
૨. શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ પરિવાર (કેશુશેઠનો પાડો)
૩. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળની શેરી)
૪. શ્રીમતી કિન્નરીબેન દીપકભાઈ મફતલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૫. શ્રી રમણલાલ પોપટલાલ શાહ પરિવાર (કુંભારીયા પાડો)
૬. શ્રી દીપકભાઈ રેવંતીલાલ શાહ (કનાસાનો પાડો)

## સમાજ ઉત્કર્ષ સહાય યોજના

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવી વાડો)
૨. સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૩. શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ (ડંકમહેતાનો પાડો)
૪. શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
૫. શ્રી પ્રવિણભાઈ કાંતિલાલ શાહ (USA)

## મેડિકલ તથા વિદ્યાલય પ્રોજેક્ટ

**રૂા. ૧૧ લાખના સહાયક દાતા**

૧. શ્રીમતી વિમળાબેન મહાસુખલાલ કેશવલાલ શાહ (મારફતિયા મહેતાનો પાડો)
૨. શ્રીમતી સુધાબેન દિનેશભાઈ શાહ (પોળની શેરી)

Printed & Published by BHARATI BHAGUBHAI SHAH on behalf of SHREE PATAN JAIN MANDAL and Printed at Arihant Printing Press, Bldg. No. 310, Saibaba Nagar, Pant Nagar, Ghatkopar (E), Mumbai-400075. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.

**Editor : BHARATI BHAGUBHAI SHAH**

TO,